# अनन्य परिवर्तन

vitraag vigyaan

March, 2014, Mumbai
Volume 4, Issue 2



## વચનામૃત પત્રાંક - ૫૩૭

શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કહ્યો છે; પણ જીવ દિશામૂઢ રહેવા ઈચ્છે છે ત્યાં ઉપાય પ્રવર્તી શકે નહીં. ફરી ફરી ઠોકી ઠોકીને કહ્યું છે કે એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી. અને તે સમજવું પણ કંઈ વિકટ નથી, કેમકે જીવનું સહજ જે સ્વરૂપ છે તે જ માત્ર સમજવું છે; અને તે કંઈ બીજાના સ્વરૂપની વાત નથી કે વખતે તે ગોપવે કે ન જણાવે, તેથી સમજવી ન બને. પોતાથી પોતે ગુપ્ત રહેવાનું શી રીતે બનવા યોગ્ય છે ? પણ સ્વપ્નદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પોતાનું મૃત્યુ પણ જીવ જુએ છે, તેમ અજ્ઞાનદશારૂપ સ્વપ્નરૂપયોગે આ જીવ પોતાને, પોતાના નહીં એવા બીજાં દ્રવ્યને વિષે સ્વપણે માને છે; અને એ જ માન્યતા એ સંસાર છે, તે જ અજ્ઞાન છે, નરકાદિ ગતિનો હેતુ તે જ છે, તે જ જન્મ છે, મરણ છે અને તેજ દેહ છે, દેહના વિકાર છે, તે જ પુત્ર છે તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવ કલ્પનાના હેતુ છે, અને તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે; અને એ જ નિવૃત્તિને અર્થે સત્સંગ, સત્પુરુષાદિ સાધન કહ્યાં છે; અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુષાર્થને તેમાં ગોપવ્યા સિવાય પ્રવર્તાવે તો જ સિદ્ધ છે. વધારે શું કહીએ ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે તો તે સર્વ વ્રત, યમ, નિયમ, જપ, યાત્રા, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટ્યો એમાં કંઈ સંશય નથી. એ જ વિનંતિ.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રીમદ્ રાજચંદ્ર જીવન કથની | ... | ૩ |
| પૂજ્યશ્રીની સાથે સાથે | ... | ૭ |
| પ્રશ્નોત્તરી | ... | ૨૨ |
| પૂજ્ય સાહેબ શ્રી ગાંગજીભાઈ મોતાની રાજનગર પલ્લીની પરમાર્થિક મુલાકાત | ... | ૨૦ |
| પત્રોની પાંખે | ... | ૨૮ |
| ભગવાન મહાવીર સ્વામી | ... | ૨૫ |
| વ્હાલાજી તારા ગુણલા ગાઉં | ... | ૩૦ |
| અખાના છપ્પા | ... | ૩૨ |
| અર્વાચીન જૈન જ્યોર્તિધરો | ... | ૪૦ |
| જૈન ધર્મનો પગથાર | ... | ૪૪ |
| સોહામણું સત્ય | ... | ૪૭ |
| તત્ત્વ ઉકેલ (જાન્યુઆરી-૨૦૧૪) | ... | ૫૩ |
| ઉત્તમ દાન - 'જ્ઞાનદાન' | ... | ૫૬ |

| | | |
|---|---|---|
| पूज्यश्री की अमृतवाणी | ... | 12 |
| एक प्रेरणात्मक सत्य कथा | ... | 35 |
| एक प्रेरक प्रसंग | ... | 49 |
| The Master's Voice | ... | 16 |
| School Sports Day | ... | 24 |
| Medical Centre Opening | ... | 38 |
| Health to Happiness | ... | 50 |
| The Reader's Forum | ... | 52 |
| Forthcoming Event | ... | 54 |
| From Us... to You | ... | 55 |

# editorial

કલ્પવૃક્ષનું નામ આપણે સહુએ સાંભળ્યું છે. કલ્પવૃક્ષ એટલે એવું વૃક્ષ જેની પાસે ઉભા રહી જે કંઈ પણ ભાવ કરવામાં આવે તે સર્વ પૂરા થાય. પરમાર્થે આપણી પાસે જે કલ્પવૃક્ષ છે તે છે સત્પુરુષના સમાગમરૂપી સત્સંગ. એવા કલ્પવૃક્ષ સમા સત્સંગથી આત્માનો ભાવ પુરુષાર્થ ચાલે અને અજ્ઞાની આત્મા વિકાસ સાધે છે. અનાદિકાળથી ચાલતા જન્મમરણના ફેરા ઓછા થાય છે એ વાત સર્વવિદિત છે.

જાન્યુઆરીમાં રાજનગર પર્લીની પાવનભૂમિમાં સાક્ષાત મોક્ષ સ્વરૂપ બે સત્પુરુષોનું સુભગ મિલન હાજર રહેલ સર્વ મુમુક્ષુઓને પરમાર્થિક બળ આપનારું બની રહ્યું. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, સાધના કેન્દ્ર - કુકમાના પ્રણેતા પરમ પૂજ્ય સાહેબજી શ્રી ગાંગજીભાઈ મોતા રાજનગર પર્લીમાં પરમ પૂજ્ય પ્રેમ આચાર્યજીને મળ્યા એ મંગલ ક્ષણોનું દૃશ્ય - આલેખન આપને આ અંકમાં જોવા મળશે.

જગતના દરેક ખૂણે દરેક જ્ઞાનીની વાણી સરખી જ હોય છે. પરમ ચૈતન્યમય અવિનાશી આત્મા સિવાય કોઈપણ પદાર્થ એમને માટે મૂલ્યવાન હોતો નથી. એવા ચૈતન્ય પદાર્થને પ્રાપ્ત કરનાર વિદ્યમાન સત્પુરુષ પ્રત્યે પ્રેમ - શ્રદ્ધા - અર્પણતા જ્યારે થાય ત્યારે તેમણે જે પ્રાપ્ત કર્યુ છે એ પ્રેમભક્તિવાળા જીવને પણ પ્રાપ્ત થાય જ. ક્ષણમાત્રનો સંતોનો સંગ ભવરૂપી સમુદ્ર તરવા માટે નૌકા સમાન છે.

# શ્રીમદ્જીની અમૃતમય - અપૂર્વ જ્ઞાનદશા

(ગતાંકથી ચાલુ...)

પોપટભાઈ મનજીભાઈ દેસાઈના અનુભવ.

મોરબીમાં જેઠમલજી નામના સાધુ ઢુંઢીયા પંથના હતા. તેઓ વિદ્વાન ગણાતા હતા. તેઓએ એક વખતે સાહેબજીને કેટલાક પ્રશ્નો પૂછ્યાં હતાં. તે પ્રશ્નોના સાહેબજીએ એવા તો ખુલાસા કર્યા હતા કે જેથી તેઓ ઘણો જ આનંદ પામ્યા હતા અને વિચાર કરવા લાગ્યા કે આ પુરુષ આપણી સાથે રહે તો ઘણો જ આનંદ થાય અને ધર્મને દીપાવી શકે. થોડા દિવસ પછી ફરીથી તેઓ સાહેબજી પાસે આવ્યા અને સાહેબજીને જણાવ્યું કે તમો ઢુંઢક પંથને દીપાવો. સાહેબજીએ તેઓને જણાવ્યું કે જે સત્ય વસ્તુ હશે એજ અમારાથી કહેવાશે. (આ વખતમાં સાહેબજીની ઉમ્મર નાની હતી).

એક વખત કચ્છથી એક ભાઈ મારી પાસે આવ્યા હતા અને મને કહ્યું કે મેં વાત સાંભળી છે કે કવિરાજ ભવિષ્યમાં સર્વોત્તમ, હોંશિયાર ગણાય છે જેથી હું તેઓશ્રી પાસે મારી કુંડળી આપું અને તે પરથી મારો જન્મ કઈ સાલમાં, કયા માસમાં, કયા પખવાડીયામાં, કયા દિવસે, કયા વારે, કેટલી સેકંડે થયેલ છે તે જો કદાચ તેઓશ્રી ચોક્કસ રીતે કહી બતાવે તો પછી મને તેઓશ્રી પ્રત્યે પ્રતીતિ આવે. ઉપર જણાવેલ સઘળી હકીકત જણાવવા માટે હું સાહેબજી પાસે ગયો અને જણાવ્યું કે હું એક કામ લાવ્યો છું. તે પરથી સાહેબજીએ કહ્યું કે શું કામ લાવ્યા છો ? ત્યારે મેં કહ્યું કે આ એક કુંડળી લાવ્યો છું તે પરથી જન્મ સંબંધી તમામ હકીકત કહેવાની છે. સાહેબજીએ તે કુંડળી પોતાના હાથમાં લીધી અને તુરંત જ મને પાછી આપી. થોડો વખત સાહેબજી આમ તેમ ફર્યા. બાદ મને કહ્યું કે કાગળ પર લખી લ્યો. સાહેબજીએ સઘળી હકીકત લખાવી તેમ મેં લખી લીધું પછી હું તે કચ્છવાળા ભાઈ પાસે ગયો અને તે કાગળ તેમને આપ્યો તે જોઈ તેઓએ કહ્યું કે બરાબર આ પ્રમાણેજ છે.

''સત્ય વસ્તુ હશે એજ અમારાથી કહેવાશે.''

એક વખત મારા કાકાને ત્યાં રાત્રિએ દીકરાનો જન્મ થયો. તે વખતે ટાઈમ જોવા માટે ઘડીયાળ કે કંઈ પણ સાધન નહોતું. જેથી કયા ટાઈમે જન્મ થયો તેની કાંઈ પણ ખબર રહી નહીં. પછી મારા કાકાએ મને કહ્યું કે તમો રાયચંદભાઈ પાસે જઈને પૂછી આવોને. હું તરત જ સાહેબજી પાસે ગયો. બારણા બંધ હોવાથી સહજ સાંકળ ખખડાવી બારણાં ઉઘડાવ્યા અને સાહેબજી પાસે ગયો. સાહેબજીએ કહ્યું કે કેમ ? અત્યારે ક્યાંથી ભાઈ ? મેં કહ્યું કાકાને ત્યાં દીકરાનો જન્મ થયો છે. જેથી હું

પૂછવા માટે આવ્યો છું કે કયા ટાઈમે અને કેવી રીતે થયેલ છે ? તેની મને કુંડલી કરી આપો. તેથી સાહેબજીએ આકાશમાં તારાઓ તરફ દૃષ્ટિ કરી મને કહ્યું કે તમે જોઈ આવો કે ગર્ભિત બાઈ પાસે અમુક અમુક આટલી બાઈઓ બેઠેલી છે, તે ગર્ભિત બાઈનો ખાટલો અમુક દિશા તરફ છે, તે સ્થાનકે દીવો અમુક દિશા પર છે, જન્મ થયેલ દીકરાનું મસ્તક અમુક દિશા તરફ છે. આટલી તપાસ કરીને આવો. તેથી હું તપાસ કરવા માટે ગયો અને ઉપર જણાવ્યા પ્રમાણે સઘળી બાબતો પૂછી તો જે પ્રમાણે સાહેબજીએ જણાવ્યું હતું એજ પ્રમાણે હતું. પછી હું સાહેબજી પાસે ગયો અને કહ્યું કે આપે જણાવ્યું હતું એ જ પ્રમાણે છે. પછી મને સાહેબજીએ કહ્યું કે ઠીક, ત્યારે તમો સવારે આવજો. પછી હું સવારે સાહેબજીની પાસે ગયો અને મને કુંડળી તેઓએ કરી આપી.

એક વખતે રામદાસજી નામના જોગી ગામના અખાડામાં ઊતર્યા હતા. તેઓએ વાત સાંભળી હશે કે આ ગામમાં 'રાયચંદભાઈ' નામના મહાત્મા છે અને ઘણાં જ ચમત્કારિક છે. તેથી તેઓ મારી દુકાન પર આવ્યા અને મને પૂછ્યું કે અત્રે 'રાયચંદભાઈ' નામના પુરુષ છે કે ? તેઓશ્રીને મારે મળવાની ઈચ્છા છે. મેં કહ્યું કે ચાલો. તે જોગીને હું સાહેબજીની પાસે લઈ ગયો. સાહેબજી પોતે ગાદી પર બિરાજ્યા હતા. તે પરથી તુરંત ઊભા થઈ ગયા અને વિનયપૂર્વક નમસ્કાર કરી તે જોગીને ગાદી પર બેસાડ્યા અને સાહેબજી એક પડખા પર બેઠા. તે જોગીએ સાહેબજીને કહ્યું કે મારે તમને કેટલાંક પ્રશ્નો પૂછવાની ઈચ્છા છે. સાહેબજીએ કહ્યું કે આપની ઈચ્છા હોય તે જણાવો. ત્યારે તે જોગીએ જણાવ્યું કે આપકું સબ લોગ મહાત્મા માને છે. સાહેબજીએ કહ્યું કે કાંઈ નહીં, ફરમાવો મારી યોગ્યતા પ્રમાણે ખુલાસા કરીશ. પછી તે જોગીએ સાહેબજીને અમુક પ્રશ્નો પૂછ્યા હતા. સાહેબજી પોતે સર્વે હકીકત સાંભળતા હતા. પછી સાહેબજીએ જણાવ્યું કે હવે બીજું કંઈ પણ પૂછવા બાકી રહ્યું છે ? હોય તો જણાવો. પછી સાહેબજીએ તેઓને પ્રથમ પ્રશ્નનો ખુલાસો એવો કર્યો હતો કે જેથી તેઓનો તમામ મદ ગળી ગયો. એ પ્રમાણે અનુક્રમે સર્વે પ્રશ્નોનો ખુલાસો કર્યો હતો. જેથી તેઓ ઘણોજ આનંદ પામ્યા હતા. જોગીજી તુરંત જ ગાદી પરથી ઊભા થઈ સાહેબજીના સન્મુખ બેઠાં અને સાહેબજીને જણાવ્યું કે હું તો આપનો દાસ છું. આપના સન્મુખે બેસવા લાયક છું. મારી ઘણી જ ભૂલ થઈ છે, મારાથી આપશ્રીની અશાતના થઈ છે જેની હું ક્ષમા માગુ છું. એમ કહી એકદમ સાહેબજીના સન્મુખે ઊભા રહી વારંવાર સાષ્ટાંગ નમસ્કાર કરવા લાગ્યા. ત્યારે સાહેબજીએ તેમ કરતાં અટકાવ્યા. જોગીજી લગભગ ત્રણ કલાક સુધી બેઠા અને ત્યારબાદ ફરીથી આવ્યા

જોગીજી તુરંત જ ગાદી પરથી ઊભા થઈ સાહેબજીના સન્મુખ બેઠાં અને સાહેબજીને જણાવ્યું કે હું તો આપનો દાસ છું.

હતા ત્યારે એક કલાક સુધી બેઠા હતા.

એક વખત એક આરજાજી (સાધ્વીજી) અત્રે આવ્યા હતા અને ઉપાશ્રયમાં ઊતર્યા હતા. આરજાજી પાસે જ્યારે હું ગયો ત્યારે આરજાજીએ મને કહ્યું કે અમોએ એવી વાત સાંભળી છે કે 'રાયચંદભાઈ' મહા જ્ઞાનીપુરુષ છે માટે અમોને તેઓની પાસે સૂયગડાંગસૂત્ર સાંભળવાની ઈચ્છા છે, તો તેઓ હંમેશા, જ્યાં સુધી અમો અત્રે છીએ ત્યાં સુધી અત્રે આવે તો ઘણું સારું. મેં વાત સાહેબજીને વિદિત કરી ત્યારે સાહેબજીએ કબાટમાંથી તે પુસ્તકજી કાઢીને મને આપ્યું અને કહ્યું કે લ્યો, આપી આવો. ત્યારે મેં સાહેબજીને જણાવ્યું કે આપ પધારો તો ઠીક, આપની પાસે સાંભળવા ઈચ્છા છે. સાહેબજીએ જણાવ્યું કે આવતી કાલે બપોરે બે વાગે જઈશું, અને તમો પણ આવજો. હું બીજે દિવસે બપોરે એક વાગે સાહેબજી પાસે ગયો. સાહેબજીએ જણાવ્યું કે કેમ, ગઈ કાલે જણાવ્યું હતું તે લક્ષમાં છે કે બે વાગે જવાનું છે ? મેં કહ્યું કે હાજી. સાહેબજી જ્યારે જવા માટે તૈયાર થયા તે વખતે બે વાગ્યા. સાહેબજી આગળ ચાલતા હતા અને હું પાછળ પાછળ ચાલતો હતો. ઉપાશ્રય નજીકમાં હતો. સાહેબજી ઉપાશ્રયમાં પધાર્યા અને હું પણ સાથે જ હતો. આરજાજી પાટ પર બેઠા હતા અને સાહેબજી નીચે બેઠા હતા. સાહેબજીએ સૂયગડાંગ સૂત્રમાંથી બે ગાથાઓ વાંચી અને પછી સાહેબજીએ તે ગાથાઓનું સવિસ્તર વર્ણન કરવા માંડ્યું. તેનું વર્ણન એવું તો સ્પષ્ટ રીતે કર્યું હતું કે જે સાંભળી આરજાજી તો ચકિત થઈ ગયા અને સ્તબ્ધ બની ગયા અને તેઓ સાહેબજી પ્રત્યે બોલવા લાગ્યા કે અહો ! અમોએ તો આ પ્રમાણે કોઈ સ્થાને પણ સાંભળ્યું નથી, તેમજ કોઈપણ સાધુ મહારાજે કે સાધ્વીજીએ સમજાવ્યું નથી. આપે અમારા પર મહત્ ઉપકાર કર્યો છે. એમ કહી બધા આરજાજીઓ પાટ પરથી ઊભા થઈ ગયા. ત્યારે સાહેબજી બોલ્યા કે આમ કાં કરો છો ? ત્યારે આરજાજી બોલ્યાં કે અમો પાટ પર બેસવા લાયક નથી, અમારી ઘણી જ ભૂલ થઈ છે અને તેથી આપની અશાતના થઈ છે. ત્યાર પછી આરજાઓએ મને કહ્યું કે હાલમાં લગભગ એક માસ સુધી અમારી સ્થિરતા થવાની છે, તો ત્યાં સુધી હંમેશા એકાદ કલાક પધારો તો અમોને ઘણો જ લાભ મળી શકે. આ હકીકત મેં સાહેબજીને વિદિત કરી ત્યારે સાહેબજીએ મને જણાવ્યું કે ભલે, તેમ કરીશું. તમો હંમેશા હાજર રહેજો. પછી હંમેશા સાહેબજી ઉપાશ્રયે પધારતા હતા. સાથે હું પણ જતો હતો. સાહેબજી જ્યારે ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં કે તરુંત જ આરજાઓ પાટ પરથી ઊભા થઈ જતા અને નીચે બેસતા હતા પછી સાહેબજીના કહેવાથી પાટ પર બેસતા હતા.

અમોએ તો આ પ્રમાણે કોઈ સ્થાને પણ સાંભળ્યું નથી, તેમજ કોઈપણ સાધુ મહારાજે કે સાધ્વીજીએ સમજાવ્યું નથી. આપે અમારા પર મહત્ ઉપકાર કર્યો છે. એમ કહી બધા આરજાજીઓ પાટ પરથી ઊભા થઈ ગયા.

એક વખત સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ સાહેબજી પાસે આવ્યા હતા, તે સાધુઓ પાસે તેઓના ધર્મ સંબંધીના ગ્રંથો હતા. તે ગ્રંથો તેઓએ સાહેબજી પાસે મૂક્યા. સાહેબજીએ તે ગ્રંથો પોતાના હાથમાં લીધા અને તે ગ્રંથોના ફક્ત પાનાઓજ ફેરવીને સાહેબજીએ તેઓને જણાવ્યું કે સહજાનંદ સ્વામીએ જે નિરૂપણ કર્યું છે તે આ પ્રમાણે છે. તેઓશ્રીએ મત ચલાવ્યો છે તેનો હેતુ આ પ્રમાણેનો હતો, પરંતુ આપ તો આ પ્રમાણે વર્તો છો વગેરે સાહેબજીએ તેઓને જણાવ્યું હતું પરંતુ તેઓ કાંઈ પણ જવાબ આપી શક્યાં નહીં. પછી તેઓ થોડો વખત બેસી ચાલ્યા ગયા.

''શ્રી મહાવીરે જે માર્ગ દર્શાવેલ છે એજ પ્રમાણે દર્શાવવાનું છે. તે સિવાય બીજા કોઈ પ્રકારે માર્ગ પામી શકવાનું નથી. અમારે કાંઈ શ્રી મહાવીરે દર્શાવેલ માર્ગથી વિરુદ્ધ દર્શાવી અનંતો સંસાર વધારવો નથી.''

એક વખતે મુસલમાન ખોજા મેમન વગેરે સાહેબજી પાસે આવ્યા હતા. તેઓની સાથે સાહેબજી મસ્જીદમાં પધાર્યા હતા. હું પણ સાથે હતો. ત્યાં સાહેબજીએ તેઓને જણાવ્યું કે તમારા મહમ્મદ પયગંબરે આ પ્રમાણે કહ્યું છે અને તમો આ પ્રમાણે વર્તો છો તે ભૂલ છે, તેઓનો હેતુ આ પ્રમાણેનો હતો. નમાજનો અર્થ આ પ્રમાણે છે. વગેરે કેટલીક વાતચીત કરી હતી. પછી તે લોકોમાંથી એક જણ બોલ્યો કે આપકા કહના સબ સચ્ચા હી હૈ, પરંતુ અનસમજકે લીએ બરાબર સમજમેં નહીં આયા ઈસલિયે ફેરફાર વર્તતે હૈ, વેગેરે બોલ્યા હતા. ત્યારબાદ ત્યાંથી મુકામે આવ્યા.

કેટલાક લોકો અણપણામાં અને સાહેબજીના સમાગમમાં નહીં આવેલા, તે લોકો એમ ધારતા હતા કે આ તો કંઈ બધાથી જુદી જ વાતો કરે છે. પછી એક વખતે તે લોકો સાહેબજી પાસે આવ્યા હતા, તે વખતે સાહેબજીએ તેઓના વગર બોલ્યે તેઓને જણાવ્યું કે તમારું અમારા માટે જે ધારવું છે તે ભૂલ ભરેલું છે. શ્રી મહાવીરે જે માર્ગ દર્શાવેલ છે એજ પ્રમાણે દર્શાવવાનું છે. તે સિવાય બીજા કોઈ પ્રકારે માર્ગ પામી શકવાનું નથી. અમારે કાંઈ શ્રી મહાવીરે દર્શાવેલ માર્ગથી વિરુદ્ધ દર્શાવી અનંતો સંસાર વધારવો નથી. અમોએ વિરુદ્ધતાએ કહેવાનું પ્રયોજન માન્યું નથી વગેરે.

**(ક્રમશ...)**

# ભક્તિમાર્ગનું રહસ્ય

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

નોંધ : પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

---

*સંસારના ગમે તેવા કાર્યો કરતાં હોઈએ પણ કોઈ જાતની હૃદયને કે માથાને કંઈ અસર ન થાય એટલી પ્રેક્ટીસ કરી લઈએ તો બધા જ વ્રત, તપ, નિયમ, યાત્રા અને મોક્ષ એમાં સમાઈ જાય છે તે ચોક્કસ સમજવા જેવું છે. જે પુરુષાર્થ આપણે કરતા હોઈએ, એ પુરુષાર્થમાં બળવાનપણે લાંબાકાળ સુધી ટકી રહેવું એજ આત્માનું વીર્ય છે. જ્યાં ધર્મને સેકંડ પ્રાયોરીટી મળી ત્યાં આત્માનું વીર્ય વેરાઈ ગયું, ઢોળાઈ ગયું કે તૂટી ગયું.*

*** હે ભગવાન ! આપ પરમ ગંભીર છો, પરમ ઉદાર છો !**

**હે પ્રભુ ! આપ અનંત લબ્ધિઓના ધર્તા છો, અનંત સિદ્ધિઓના સ્વામી છો, અનંત શક્તિઓના ધારણહાર છો. આપનું અનંતુ જ્ઞાન છે, અનંતુ દર્શન છે, અનંતુ સુખ છે, અનંતુ વીર્ય છે. એવી રીતે આપ અનંત અનંત ગુણોના નિધિ છો અને તેમ છતાં આપ કેવા સાગર જેવા ગંભીર છો તે જોઈ અમને પરમ આશ્ચર્ય થાય છે. આટલા બધા સર્વોત્કૃષ્ટ ગુણોને આપે અંતરમાં કેવી રીતે સમાવી દીધા છે તે કોઈપણ કળી ન શકે !**

ભગવાનની પાસે અદ્ભુત એવા અનંતા અનંતા ગુણો છે છતાં કોઈપણ એમના પરિચયમાં આવે તો એમાંના એકપણ ગુણને ઓળખી ન શકે. એટલે ભગવાન જેવા પુરુષો ક્યારેય પણ એ ગુણોનું વિવેચન ન જ કરે. એ ગુણોને શમાવી લેવા એનું નામ ગંભીરતા છે. હવે આપણી પાસે એવા ગુણો ન હોય પણ બીજાની અનેક છાની વાતો કોઈએ આપણને ખાનગીમાં કીધી હોય કે કોઈને કહેતા નહીં. પછી આપણે જે જે મળે; તમને એકલાને કહું છું... આ અગંભીરતા છે. બીજાની વાત કેટલા લોકોને તમે કહો છો અથવા એક જ નિકટની વ્યક્તિને

કેટલીવાર કહો છો આ અગંભીરતા છે. જ્યાં સુધી આવી અગંભીરતા હોય, બીજા અર્થમાં અદ્ભુત એવા ગુણોને ગ્રહણ કરી સંઘરી રાખવાની કે ગુપ્ત રાખવાની શક્તિ ન આવે ત્યાં સુધી ગુણો પ્રગટે નહીં. કેટલાયની સાથે આ વાત થયેલી જ હશે કે આ ગુણ ડેવલપ કરો પછી જુઓ તમને કેટલો મોટો ફરક પડે છે. કેટલાય લોકો એવા હશે બીજાની વાત કરતાં બંધ થયા હોય અને તરત જ આત્માની દશામાં ચોક્કસ વધારો દેખાતો હોય. આ ગંભીરતાના ગુણનો અર્થ આપણે એવી રીતે લઈએ કે બીજાની વાત જેટલી ખાનગી કે સીક્રેટ છે એ હૃદયમાં કેટલી હદ સુધી શમાવી શકવાની આપણી શક્તિ છે અને એ શક્તિ જેટલી બળવાન થાય અને એ વસ્તુ ગ્રહણ કરી શકાય તો પછી આત્માના ગુણો ચોક્કસ પ્રગટ થાય અને એ પણ આપણે સાચવી શકીએ.

ગંભીરતાના ગુણનો અર્થ આપણે એવી રીતે લઈએ કે બીજાની વાત જેટલી ખાનગી કે સીક્રેટ છે એ હૃદયમાં કેટલી હદ સુધી શમાવી શકવાની આપણી શક્તિ છે અને એ શક્તિ જેટલી બળવાન થાય અને એ વસ્તુ ગ્રહણ કરી શકાય તો પછી આત્માના ગુણો ચોક્કસ પ્રગટ થાય અને એ પણ આપણે સાચવી શકીએ.

જ્ઞાનની, આત્માના ગુણો છે એની અશાતના થાય એવા કારણો આપણે બીજાને આપીએ તો આત્મિક દશા વધે ? જેના ગુણ આપણે જાણીએ છીએ તો પણ બીજાને કહેવાની જરૂર નથી. કરુણાભાવથી, અનુકંપાભાવથી બોલાય તો પણ છેલ્લે 'આ મારી કલ્પનાથી કહું છું તમારી મેળે અનુભવ કરજો.' આજે ગુરુના ગુણગાન ઓવર ગવાતા હોય તો અગંભીરતા છે. બીજાને ઈમ્પ્રેસ કરવા જઈએ તો બળવાન નિમિત્ત આપી, આપણે અશાતાનું કારણ આપીએ છીએ. પણ બીજી વ્યક્તિ ગમે તેમ બોલતી હોય ત્યારે ચૂપ રહી અનુમોદન ન અપાય; 'તારી સાથે હું સહમત નથી' એટલું કહી શકાય. મનુષ્યભવની અંદર આ ગંભીરતાનો ગુણ ખૂબ જ અઘરો છે. કંઈપણ જાણવા મળે નવું, જ્યાં સુધી કો'કને કહીએ નહીં ત્યાં સુધી ખદબદ ચાલે, ચાલે ને ચાલે. કેટલાય ભવોની ટેવ છે, અંદરમાંથી કંઈ બહાર ન નીકળે ત્યાં સુધી શાંતિ ન જ થાય. બેસ્ટ ઉપાય; અરીસા સામે ઉભા રહી બે પાંચ દિવસ કહ્યા કરો પછી એની મેળે શાંત થઈ જશે. બીજા કોઈને કહેવાની જરૂર નથી. આવા નાના મોટા પ્રયોગો કરી ઘણા દોષો ટાળી શકાય.

*** આપ પ્રત્યેક જીવ સંબંધી સમયે સમયે શું બન્યું, શું બને છે અને શું બનશે એવી ત્રણે કાળની વાત જાણી અને દેખી રહ્યા છો. કોણ ભવ્ય છે, કોણ અભવ્ય**

છે, કોણ ક્યારે મોક્ષને પ્રાપ્ત થશે, કોણ કેટલા ભવ કરશે અને કેટલા દુઃખ પામશે. એ આદિ સમસ્ત પ્રકારનું સંપૂર્ણજ્ઞાન આપ ભગવંત ધરાવો છો. છતાં એ સર્વને અત્યંત ગુપ્તપણે અંતરમાં રાખી રહ્યા છો. એ આપની કેવી અદ્‌ભુત ગંભીરતા છે.

આટઆટલું જાણવા છતાં ભગવાન કોઈને કાંઈ કહેતા નથી એ એમનો ગંભીરતાનો ગુણ છે. હવે બીજા દ્રષ્ટિકોણથી વિચારીએ કે જે ભગવાન જાણે છે સાવ અજ્ઞાનીને એ કહે તો અજ્ઞાની કંઈપણ સમજવાનો છે? જે બિલકુલ ન સમજે એની સાથે આવી વાતો તો ન જ કરાય ને! એટલે જેમ જેમ આપણી જ્ઞાનદશા વધતી જાય છે એમ એમ વ્યર્થ વાતો કરવાની એટલે કે સામા માણસને અશાતનાના કારણો કે નિમિત્ત ન આપવાની આપણી દ્રષ્ટિ ઉઘડી જાય છે અને મોઢું બંધ થઈ જાય છે. એવી અદ્‌ભુત દશા જ્યાં સુધી ન મળે ત્યાં સુધી સંસારની રીતે બીજાની વાતો એકબીજાને ન કહેવી અને ગંભીરતાનો ગુણ કેળવતા રહીએ પછી જેમ જેમ જ્ઞાન પ્રગટ થશે તો ગંભીરતા તો હાજર થશે ને.

* હે પ્રભુ! કોઈ ભવ્ય જીવ આપનામાં પ્રેમ લાવી, શ્રદ્ધા કરી, આપને શરણે આવી આપની આજ્ઞાનું આરાધન કરી આપની રિધ્ધિસિદ્ધિની માંગણી ન કરે ત્યાં સુધી આપ પરમ ઉદાર અને દાનેશ્વરી હોવા છતાં લેશ પણ દાન કરતા નથી અને પરમ પરમ ગંભીર રહો છો એ પણ એક અદ્‌ભુત રહસ્ય છે.

ભગવાનને બધી ખબર હોવા છતાં જ્યાં સુધી સામો જીવ નિખાલસ થઈ, હૃદય ખોલી માંગણી ન કરે ત્યાં સુધી ન આપે.

**આપે તો અબાધિત સિદ્ધાંત આપ્યો છે કે ભગવાનને પ્રેમ કરો, ભગવાનમાં શ્રદ્ધા કરો, ભગવાનની આજ્ઞા આરાધો, પછી પ્રાર્થનામાં જે માંગશો તે મળશે.**

ભગવાનમાં આટલી શક્તિ રહેલી છે. સામી વ્યક્તિને એમના પ્રત્યે અનહદ પ્રેમભક્તિ હોય, કંઈપણ કહે એની આજ્ઞા જાન સાટોસાટ માનવાની તૈયારી છે પણ એક સંકોચને કારણે બોલી ન શકાતું હોય કે, મારા અંતરમાં આ ભાવ છે, કૃપા કરી આ ભાવ પૂર્ણ કરો. મારા આ અશુભભાવને કાપી, શુભભાવમાં મને લાવો; એવો ભાવ જીવ જ્યાં સુધી સ્પષ્ટપણે વ્યક્ત ન કરે ત્યાં સુધી ગમે તેવી શક્તિ ભગવાન કે ગુરુમાં હોય એ કંઈપણ આપવાને સમર્થ નથી. અર્થાત અદ્‌ભુત એવું જ્ઞાન અને ગાંભીર્ય ગુણ પ્રગટ થયેલો છે. વારંવાર માંગણી થાય ત્યાર પછી જ એ કંઈ આપવાની શરૂઆત કરે અને પછી ક્રમશઃ વધારતા જાય.

પણ આખી જિંદગી મૂંગા રહી અને એની ભક્તિ કર્યા જ કરીએ, આપણા ભાવો એક્સપ્રેસ ન કરીએ અથવા માગંણી ન કરીએ ત્યાં સુધી કંઈપણ આપે નહીં.

ભગવાનને બધી ખબર હોવા છતાં જ્યાં સુધી સામો જીવ નિખાલસ થઈ, હૃદય ખોલી માંગણી ન કરે ત્યાં સુધી ન આપે.

ભગવાન આવું કરે છે એમ તો આપણે માનીએ છીએ પણ ભગવાને આવું કરાય એવું આપણે માનતા નથી. અત્યંત સ્પષ્ટપણે એમની પાસે જે કંઈ સમૃદ્ધિ અથવા શક્તિઓ છે એનો આપણને પરિચય થયો હોય તો ચોક્કસ માંગણી થવી જોઈએ. 'આ ગુણની પ્રાપ્તિ અમને કરાવો. એ પ્રાપ્ત કરવામાં જે કાંઈ દોષો નડતા હોય એ અમારા દોષો દૂર કરો.' એટલે જે લોકો જેટલા સત્‌સમાગમમાં રહ્યા હોય એ લોકોને કંઈક વિશેષ પ્રાપ્તિ ચોક્કસ થતી હોય છે.

**જેને સત્‌ની - આત્માની પ્રાપ્તિ થઈ છે એવા સત્‌ પ્રાપ્ત સદ્‌ગુરુ કહીએ, આત્મ પ્રાપ્ત એવા ગુરુ કહીએ એનો જે સમાગમ તે સત્સંગ. આવો જે સત્સંગ છે એનું બીજું નામ છે કલ્પવૃક્ષ. હવે આવો સત્સંગ આપણને પ્રાપ્ત થાય પછી આત્માની પ્રાપ્તિ થાય અને જે કાંઈ ભાવ આપણે કરીએ એ ભાવ ચોક્કસ પૂરા થાય.**

આ ભક્તિમાર્ગના રહસ્યમાં પહેલેથી છેલ્લે સુધી પ્રાર્થના અને વિનંતી જ છે, બસ આપો ને આપો. જેવી રીતે છોકરું મમ્મી, મમ્મી, મમ્મી કરીને જીવ ખાઈ જાય અને કંટાળીને મમ્મી આપી દે, એવી રીતે ભગવાન આપે છે.

*** હે પ્રભુ ! આપ કેવા ઉદાર છો ! આપે આપના અમુલ્ય ગુણરત્નોનો અખૂટ ભંડાર સદા ખુલ્લો રાખ્યો છે. જે કોઈ યોગ્યતા મેળવી આપની પાસે માગે છે, તેને આપ તેની યોગ્યતા અનુસાર દાન કર્યા જ કરો છો, ક્યારે પણ અટકતા નથી, થાકતા નથી અને તે એટલે સુધી કે આપ આપના સર્વે અદ્‌ભુત ગુણોનું દાન કરો છો અને લેનારને આપના જેવો જ સમૃદ્ધ બનાવો છો. દાન લેનાર અનેકાનેક હોવા છતાં આપનો ભંડાર કદી ખાલી થતો નથી. પણ સદાયે ભરપુર રહે છે. આ પણ એક ન સમજાય એવું આશ્ચર્ય છે. ભગવાન પાસે જે ખજાનો છે એ એની પાસેથી લૂંટી લ્યો તો કાંઈ ન બોલે; ન લૂંટો તો આખી જિંદગી સુધી બેઠા રહે. બીજાને લૂંટવા દે છે એ એની ઉદારતા છે.**

**હે પ્રભુ! આપ તો ખરેખર કલ્પવૃક્ષ છો. ''અચિંત્ય જેનું મહાત્મ્ય છે એવું સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે જીવ દરિદ્ર રહે એમ બને તો આ જગતને વિશે તે અગિયારમું આશ્ચર્ય જ છે.''**

**- શ્રીમદ્ રાજચંદ્ર (૯૩૬)**

કલ્પવૃક્ષની પાસે જઈ જે કંઈ કલ્પ, સંકલ્પ કે ભાવ કરો એ ભાવ ચોક્કસ પૂરા થાય છે. આવું જે કલ્પવૃક્ષ તેનું બીજું નામ છે સત્સંગ. જેને સત્‌ની - આત્માની પ્રાપ્તિ થઈ છે એવા સત્ પ્રાપ્ત સદ્‌ગુરુ કહીએ, આત્મ પ્રાપ્ત એવા ગુરુ કહીએ એનો જે સમાગમ તે સત્‌સંગ. આવો જે સત્સંગ છે એનું બીજું નામ છે કલ્પવૃક્ષ. હવે આવો સત્સંગ આપણને પ્રાપ્ત થાય પછી આત્માની પ્રાપ્તિ થાય અને જે કાંઈ ભાવ આપણે કરીએ એ ભાવ ચોક્કસ પૂરા થાય. આત્માની પ્રાપ્તિ થાય પછી અજ્ઞાની આત્મા જ્ઞાની થાય, મલિન આત્મા શુદ્ધ થાય, કર્મથી ખરડાયેલો આત્મા કર્મ રહિત થાય અને આ પ્રોસેસ ઓટોમેટીકલી પોતાની મેળે ચાલે. આત્માનો વિકાસ થયા પછી જે ઈચ્છા આપણે કરીએ એ ઈચ્છા પૂરી થાય એટલે સત્સંગ એજ કલ્પવૃક્ષ છે અને સત્સંગનું બીજું નામ પરમાત્મારૂપ જેને પ્રાપ્ત થયું છે તેનો સંગ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ



पूज्यश्री की अमृतवाणि

# स्वच्छंद

नोंध : पूज्यश्री के 'स्वच्छंद' के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

**पिछले अंकमे ''स्वच्छंद''की भूमिका में हमने देखा की सभी जैन (जन) देहसे धर्म करते है यानि कि पांच इन्द्रियाँ, मन, चित्त और बुद्धि से। वांचन करते हैं तो आंख का उपयोग, व्यख्यानादि सुनते हैं तो कानका उपयोग, व्रत-तप, नियम बाधायें ली तो देह से, चिंतन-मनन हो तो बुद्धि या मनसे। दूसरी ओर, सत्धर्म वहाँ है जहाँ आत्मा है और आत्मा कर्मो से मुक्त हो रही हो। सत्धर्म के लिए जो अत्यंत अत्यंत जरूरी है, वह जीवको स्वयं समझना है। जब यह समझने में आयेगा कि सामने वाला व्यक्ति जिस द्रष्टिकोण से कह रहा है, वह सच्चा है और ये द्रष्टिकोण का जो फर्क है, वही झगडे, राग-द्वेष और परिभ्रमण का कारण है, तब सत्धर्म की समझ आयेगी।**

''भगवान महावीरकी जो ज्ञान दशा थी, लगभग वैसी ही ज्ञान दशा परम कृपालु देवकी थी - ऐसे पुरुष 'स्वच्छंद' के बारे में इतना कह रहे है और फिर भी, हम में से किसी को स्वच्छंद पर अत्यंत अत्यंत गहराई से विचारने का मन ही नहीं होता।''

महावीर शिष्य परम कृपालु देव ने स्वच्छंद के बारे में बहुत कुछ बताया है और स्वच्छंद टालने पर खूब जोर दिया है। उन्होंने अनेक पत्रों और पदो में यह बात बताई है। जो विचारवान जीव को विशेष विचार में ले जाये ऐसा है।

अब जिन लोगों को परम कृपालुदेव का बहुत परिचय नहीं है अथवा जिन्होंने उनका वचनामृत पढ़ा नहीं है, उन्होंने भी निश्चित रुप से उनके पदों (काव्य रचना) को सुना होगा। लेकिन आश्चर्य की बात तो ये है, कि आज बहुत सारे लोग श्रीमद् जी के बारे में कुछ अशोभनीय, अयोग्य ऐसा बोलते हैं। उनसे पुछें कि श्रीमद्जी को जाना है? उनका वचनामृत पढ़ा है? जीवन चरित्र पढ़ा है? पूरा जीवन उनका वर्तन किस तरह का रहा, ये जानते हैं? तो कहते है 'नहीं'। श्रीमद् के लिये इतना सारा द्वेष या नकार भाव किस कारण से है तो उनके पास कोई जवाब नहीं होता। इसीलिये स्वच्छंद के बारे में परम कृपालु देव ने इतना कुछ लिखा है। अब सोचें, लगभग सर्वज्ञ की कोटि के वे पुरुष थे। दुसरे शब्दों में कहें तो लगभग

केवल ज्ञान की दशा प्राप्त किये हुए थे। उनके ही वचनों में - ''मैं दूसरा महावीर हूँ। मैं दूसरा राम हूँ।'' कहने का तात्पर्य यह है कि भगवान महावीरकी जो ज्ञान दशा थी, लगभग वैसी ही ज्ञान दशा जिनकी है, ऐसे पुरुष स्वच्छंद के बारे में इतना कह रहे हैं, और फिर भी हममें से किसी को इस स्वच्छंद पर अत्यंत अत्यंत गहराई से विचारने का मन ही नहीं होता!

दुसरे शब्दों में कहना हो तो - कहेंगें - 2500 वर्षो की जो कुटेव हमारी हो गई है, उस कुटेव के कारण ऐसे वचन पर हमें विचारने का मन ही नहीं होता। और कभी कभी किसी का मन हो जाता है, तो कहते हैं - प्रयत्न करते हैं पर नींद आ जाती है। पढ़ते हैं तो कुछ समझ में आता नहीं। हम अगर विचारेगें नहीं तो कितने ही जन्मों की जो आदत पड़ी हुई है, तो कहाँ से हाथ में पुस्तक ले कर 5-15 मिनट या एकाधा घंटे में समझ में आ जायेगा?

कॉलेज में हो या स्कुल में ना गये हों या शिक्षक से समझा भी न हो और किताब लेकर आप पढ़े तो क्या एकाध घंटे में आपको सब समझ में आ जाता है? इस तरह से सोचेगें तो लगेगा कि संसार का कार्य जो हजारों जन्मों से कर रहे हैं, वह भी इस जनम (भव) में हाथ में पुस्तक लें तो समझ में नहीं आता तो फिर किसी जनम में नहीं किया, ऐसा जो ज्ञान है, वह हाथ में लें और समझ में आ जाये?

> क्रोध हर कोई को पता होगा और करता होगा। माया, कपट भी पता होगा, पर मान और लोभ, यह जीव स्वयं से समझ ही नहीं सकता और जान भी नहीं सकता।

अगर स्वच्छंद सभी को सहजता से समझ में आये ऐसा होता तो उसके बारे में परम कृपालु देव को इतना सब लिखने की जरूरत नहीं पड़ती। इसलिये लगता हो कि हमें समझ में आ रहा है तो हमें जितना समझ में आ रहा है, उससे ज्यादा सूक्ष्मता से इस स्वच्छंद को समझना है। समझ कर टालना (दूर करना) है। समझ में आ जाये तो टल जाने वाला है। अब, जीव को अनेक प्रकार से विचार करके, स्वच्छंद को समझना पड़ेगा और जब स्वच्छंद समझ में आयेगा, उसके बाद ही इस स्वच्छंद टालने का सच्चा उपाय समझ में आयेगा और लम्बे समय के जागृत पुरुषार्थ से वो टलेगा। उदाहरण के तौर पे - अनादिकाल से तीव्र राग और द्वेष से सभी को पता  चले ऐसा क्रोध हर कोई करता होगा। माया करता होगा, कपट करता होगा, पर मान और लोभ, यह जीव स्वयं से समझ ही नहीं सकता और जान भी नहीं सकता। कुछ पैसा, गहना, आदि तिजोरी में रख कर महिने दो महिनें में तिजोरी खोल कर खुश होते हैं पर उपयोग नहीं करते, इतना ही लोभ हम जानते होगें। इससे ज्यादा लोभ को कोई पहचाने ये संभवित नहीं अर्थात् सुक्ष्म जो दोष हैं, मान और लोभ उसे तो जीव समझ ही नहीं सकता है तो टले कहाँ से? तो फिर 'स्वच्छंद' जो अत्यंत सुक्ष्म और

कठिन है, वह कैसे टले? तो कहते हैं कि अत्यंत बलवान पुरुषार्थ की जरुरत पड़ेगी और तब ही हो सकेगा।

अब परम कृपालु देव ने स्वच्छंद के बारे में कहाँ कहाँ क्या लिखा है वो देखते हैं। 'मूल मारग' में लिखते हैं -

''ऐवा मूल मारग ने पामवा रे अने जवा अनादि बंध;
उपदेश सद्‌गुरुनो पामवो रे  टाली स्वच्छंद ने प्रतिबंध।''

मतलब सद्‌गुरु का बोध मिले तब ही आप पा सकते हो, समझ सकते हो और यह स्वच्छंद तथा प्रतिबंध टालने कि बात तो गुरु मिलने के बाद की है। परंतु समझ वांचन व विचार के द्वारा स्वंय लेनी पड़ती है। इसके अलावा ''आत्मसिद्धि'' शास्त्र में सबसे अधिक चार गाथाओं में कहा है, **''रोके जीव स्वच्छंद तो पामे अवश्य मोक्ष...''** मोक्ष को जो रोक कर रखता है, ऐसा कोई दोष है, तो वह स्वच्छंद है और स्वच्छंद का दोष समझ में आ जाये तो मोक्ष के लिये जो अवरोध करते हैं ऐसे सब, दोष टल जाते हैं।

'रोके जीव स्वच्छंद तो पामे अवश्य मोक्ष''
कह कर फिर प्रुफ देते है -
'पाम्या एम अनंत छे, भाख्युं जिन निर्दोष'

अनंत जीव स्वच्छंद को टाल कर मोक्ष गये हैं ऐसा कहकर फिर अगली 16वी गाथा में कहते है -

'प्रत्यक्ष सद्‌गुरु योग थी, स्वच्छंद ते रोकाय;
अन्य उपाय कर्या थकी, प्राये बमणो थाय।''

अर्थात् स्वच्छंद को टालने का उपाय एक ही है - आत्म प्राप्त सद्‌गुरु। अब अगर आत्म प्राप्त सद्‌गुरु मिले ना हो, मिले हो पर पहचान ना हुई हो तो फिर चाहे जितने उपाय करें स्वच्छंद को टालने के, तो भी स्वच्छंद है उससे दुगुना हो जाता है, पर कम नहीं होता। यह एक आश्चर्य है कि सद्‌गुरु के बिना स्वच्छंद का उपाय करने में आये तो वो दिन पर दिन बढ़ता बढ़ता जाता है और इस तरह परिभ्रमण भी बढ़ता बढ़ता जाता है।

17वी गाथा है -

'स्वच्छंद मत आग्रह तजी, वर्ते सद्‌गुरु लक्ष;
समकित तेने भाखियुं, कारण गणी प्रत्यक्ष।'

इस स्वच्छंद को बराबर समझ लें और जो वह दूर कर पायें तो, तथा सद्‌गुरु के लक्ष्यानुसार वर्तन करने में आये तो समकित याने आत्मानुभव इस भव में निश्चित हो सकता है। **''समकित तेने भाखियुं, कारण गणी प्रत्यक्ष''** और अंतमें कह रहे है - **'मानादिक शत्रु महा, निज छंदे न मराय;'** अभी जैसा कहा था कि मान और लोभ इसे जीव सातवें गुणस्थानक में पहुँचे तब तक उसका सुक्ष्म स्वरूप समझ नहीं सकता और जो यह समझ में ही ना आये तो मोक्ष तो असंभव है। इसलिये

''मानादिक शत्रु महा, निज छंदे न मराय;
जाता सद्‌गुरु शरणमां, अल्प प्रयासे जाय।''

और जो ऐसे सद्‌गुरु मिल गये हों तो, थोड़े समय में ही मान चूर चूर हो जाता है।

इसके अलावा 'बिना नयन' में कहा है -

''पाया कि ये बात है, निज छंदन को छोड़,
पिछे लाग सत्पुरुष के, तो सब बंधन तोड़।''

उपर कहे गये सभी में से एक ही ध्वनि निकल रही है। स्वच्छंद छोड़ो, स्वच्छंद टालो, स्वच्छंद टालो। और स्वच्छंद टलने पर ही मोक्ष का मार्ग समझ में आये ऐसा है। चाहे जितना दुसरा पुरुषार्थ भवोंभव से करने में आये, जो लगभग सभी ने किया हुआ ही है। इस भव में जो लोग धर्म करते हैं यह पूर्व भव का ही फल है, तो फिर बहुत जन्मों से किसी ना किसी प्रकार का धर्म हम सभी करतें ही आ रहे हैं। और कितने ही जन्मों से धर्म करते हुए भी यथार्थ धर्म किसे कहते हैं, इसका आज भी पता चला नहीं। इसीलिये कहते है स्वच्छंद मिटे तो ही मोक्ष का मार्ग समझ में आये ऐसा है, अर्थात् मोक्ष का मार्ग याने सत्‌धर्म आज तक नहीं समझ में आया इसका कारण ही स्वच्छंद है। इस स्वच्छंद को चालु रखना याने बड़े में बड़े दोष को हम पोषण दे रहे हैं, और फिर चाहे जितना वांचन, भक्ति, व्रत, तप, जंगल में जाना या दीक्षा लेना भी करें तो मोक्ष मिलता नहीं, मिला नहीं ये हम जानते हैं। इसलिये स्वच्छंद चाहे जिस प्रकार से, समझना पड़ेगा और टालना पड़ेगा। स्वच्छंद समझने पर उसे टालना संभव है।

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# UPDESH CHHAYA

## We learned in the last issue that ..........

* Upon perceiving The Master knowledgeably and introspectively, a female can no longer become the cause of attraction; because, the original form of The Master is far removed from sensual pleasures or it's imagination. One who has known infinite happiness does not get attracted (materially) and only he who does not get attracted has seen The Master and perceived HIM so; then, a live female body can only seem lifeless since The Master's words have been found true, appropriately; one, who has known the body and Aatma to be separate by remaining in proximity of The Master, ignores the body and perceives Aatma and accordingly, perceives the body and Aatma of a female also to be separate; he finds the female body to be a statue made up of flesh, bones, etc and hence, is not attracted.

* Entire strength of the body – both the upper as well as the lower, is rooted in the waist. A broken waist saps all strength. A being longs for sensual pleasures. Strength of materialistic world in the form of the body is derived from sensual longings in the form of the waist. The Master's preaching strikes and breaks the sensual longings i.e a being realizes the triviality of such longings and with the base getting broken, strength of materialistic world – Sansaar diminishes. This is the capability of The Master's preaching.

......... and continue herein below with .............

* How calm and collected Lord Mahavir remained even when being subjected to life threatening tortures by the demon Sangam ! HE felt sad for Sangam with the thought that he was incurring infinite lifetimes in a presence, whose mere sighting or remembrance is tremendously beneficial for a being ! Compassion (in response to being subjected to life threatening tortures) that evoked tears. What stunning equanimity! How compassion for others had bloomed! At that instance, even a momentary delusion would have made the demon flee, but would have caused loss of Teerthankara status. But One, who is completely devoid of illusion or has totally overcome it, how can HE be deluded?

HE remains an idol of peace, equanimity in spite of such drastic provocations because underlying principle of karma – what is being faced, has to be the outcome of own past follies, is completely accepted and absorbed.

Twenty incidents inflicted during one night but more importantly, the continuous six months period, prior to that . . . each time when Lord Mahavir would step out for food, Sangam would create nuisance and make it unfit for consumption – all these incidents of torment and

tortures, faced by Lord Mahavir are widely known and have been subject of many analysis. What was HIS response each time HE had to forgo food and that too, continuously for six months? Simply none. The act of stepping out for food is triggered – not by desire for food but due to past karma. As such, the end result (of not being able to consume food) has no impact on HIM. HE remains an idol of peace, equanimity in spite of such drastic provocations because underlying principle of karma – what is being faced, has to be the outcome of own past follies, is completely accepted and absorbed. We on the other hand, try to copy HIM by observing fast but when not observing one, react strongly even if a meal is delayed or is not as per expectation.

There cannot be a living God ! God can only exist in imagination ! This is generally the perception held by most.

It is explained that Sangam persisted with the tortures and finally got tired and gave up. From viewpoint of karma principles, it would be evident that the 'giving up' was triggered by finishing off of past karma. As Sangam moves away, Lord Mahavir is shattered by the turn of events. Whose mere sighting or remembrance can prove immensely beneficial for a being, Sangam was remaining totally aloof in Lord's presence thereby, shutting the only door for his salvation. Lord's compassion for well-being of all living beings is unable to accept such downfall of Sangam and brings tears to his eyes.

**Had Lord Mahavir intervened with special powers to rescue two disciples / monks when Goshala set them afire, HE would have incurred lifetimes; HE, who is devoid of thought "I am Guru, these are my disciples" cannot make such mistake. HE thought "I am not a protector of body, but that of bhaav; if at all, I should protect Goshala or rather, the entire universe." In other words, Teerthankara can never have possessiveness.**

Whatever faith a person has, whatever may be his spiritual level, it would be impossible to accept the fact that Lord Mahavir – the epitome of non-violence, let two disciples be subjected to violent death in own presence. Have we pondered what HIS level or thought process was? Are we able to perceive the level of Siddha – the completely liberated? Probably not. Everyone's God is believed to be very merciful, all powerful, just and righteous and yet, everyone is ready to accept non-intervention by God, when a person is dying. In the instance of Lord Mahavir, such acceptability is not there. A living God cannot be expected not to intervene. In fact, there cannot be a living God ! God can only exist in imagination ! This is generally the perception held by most.

The internal state or mind set of The Master has to be well understood to get the logic behind His acts. Mere outward incident can never indicate the true intention or the thought process. Likewise, copying incidents from the life of a Master can prove to be harmful. We need to be focussed on

We need to be focussed on developing awareness of aatma. As and how the awareness develops, the power to withstand provocative situation is felt and many of us are able to remain calm in difficult situations.

developing awareness of aatma. As and how the awareness develops, the power to withstand provocative situation is felt and many of us are able to remain calm in difficult situations.

The Masters can never advise to remain aloof to the causes or to ignore the means suggested for good inclinations; lack of non-violence is clearly indicated by eating at night and so a Master can never ask to do that. But, without understanding the underlying logic, if a being concludes that moksha can be attained only by avoiding night meals or observing specified acts, The Master, to help the being overcome his insistence, may ask him to let go of own conclusion and to follow the guidance provided by The Master. Only then, the benefit will accrue. Since times immemorial, people have taken meals during days or at nights but have not attained salvation.

Without perceiving aatma, if a seeker acts with ignorance and as per past inclinations that do not yield any benefit, The Master definitely forbids it. Even The Master's insistence for doing something 'improper' is aimed at helping the seeker overcome aversion (which is hindering in his progress) for that thing.

Various means and acts have been prescribed to help beings become more aware about aatma. The real reason or logic behind such means and acts are typically missed out but the acts are held on to, and very strongly at that, by the seekers. Seekers would ensure that at all costs- even at the cost of causing severe anguish to others – these are observed. The goal - to be more aware of aatma, it's qualities and characteristics and the resultant blooming of such qualities in self - gets forgotten. Such misleading mindset is a being's own creation, acting upon which can never yield progress. The Master can, in such cases, direct a being to let go of his staunch opinion and to observe the acts or rituals in a way that will not inconvenience others and at the same time, alleviate him.

A real life incident can further elucidate this.

A lady at age 16 decided that Param Krupalu Dev was her husband and would spend many hours each day, worshipping HIM, singing bhakti and reading HIS letters (compiled in the book Vachanamrut). Such schedule continued for years together. Upon coming in contact with P.P. Premacharyaji in her thirties and observing Him, she was convinced that in spite of her long association and worship of Param Krupalu Dev, P.P. Premacharyaji seemed to have better grasp of the subject. So, she approached Him for guidance when she was asked to get 'divorced' from Param Krupalu Dev as a pre-condition. It took her almost 9 months to mentally accept the 'dislikeable' condition, without fulfilling which the guidance would not be available. Finally when ready she tearfully surrendered her 'heart' in the form of portrait of Param Krupalu Dev, Vachanamrut and the bhakti book, from which she used to passionately chant devotional songs, to Pujyashri. She was asked to come next day, smilingly. She did and was handed back all her beloved articles. She was told "you have loved Param Krupalu Dev as a person. Now, know and grasp his philosophy."

Without perceiving aatma, if a seeker acts with ignorance and as per past inclinations that do not yield any benefit, The Master definitely forbids it. Even The Master's insistence for doing something 'improper' is aimed at helping the seeker overcome aversion (which is hindering in his progress) for that thing.

In another real life incidence, a lady was an ardent worshipper of Shri Krishna since age 7. When she met P.P. Premacharyaji at about age 35 for the first time, she had been continuing since her childhood, with her daily routine of devotional chants and worship for about 9 hours each day. Being married by then, she was considered as a Devi and was believed to have supernatural powers, which relatives and friends would avail of by seeking her blessings to solve materialistic problems. In private, she confessed to P.P. Premacharyaji that she did not have any supernatural powers and could experience no spiritual progress. She was also at a loss how she should proceed further and was apprehensive of depression befalling her. She was advised to give up her daily schedule and indulge in recreational activities, mix with and take care of family. Being used to a particular routine for so many years, it seemed unthinkable to give it up and so, she continued therewith. Soon, she had to be hospitalized for treating her depression where even heavy medication proved ineffective. Then, she finally decided to accept the advice and miraculously, could return home in a couple of days. Then, she completely stopped her old routine and started leading a 'normal' life. About a week later, on reporting that although not following, she could not forget her old routine, she was directed to take up again – in moderation. All along, she had been 'overdoing' and the adulation as Devi had inflated her ego, making her forget Shri Krishna. Now, the insight and realization would help her remain focussed.

The goal should be to get past karmas cancelled by fulfilling all worldly responsibilities and discharging all duties in a way that the obligations get extinguished. Although, prima-facie, appearing improper, obeying The Master's directions yield results, which fortifies a seeker's conviction and perception of aatma, in turn boosting his endeavour.

The goal should be to get past karmas cancelled by fulfilling all worldly responsibilities and discharging all duties in a way that the obligations get extinguished. Although, prima-facie, appearing improper, obeying The Master's directions yield results, which fortifies a seeker's conviction and perception of aatma, in turn boosting his endeavour.

Aum Shanti: Shanti: Shanti

**Note:** This translated and edited version of Pujya Prem Acharayji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan

# મહા પુરુષોનું મિલન



સત્પુરુષોની સનાતન વિચારધારાને મમળાવીએ ત્યારે એક વાત ચોક્કસ ખ્યાલમાં આવે કે શબ્દો ભલે જુદા હોય પણ દરેક જ્ઞાનીનો આશય એક જ હોય છે; તે છે આપણા પોતાના આત્મ તત્વને ઓળખી જ્ઞાનને પ્રકાશમય કરવાનો પુરુષાર્થ કરીએ. વર્ષ ૨૦૧૪ની શુભ શરૂઆતે શ્રીમદ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર, પર્લી, રાજનગરના નિમંત્રણને માન આપી શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, સાધના કેન્દ્ર - કુકમાના પરમ પૂજ્ય સાહેબજી શ્રી ગાંગજીભાઈ મોતા પોતાના ૩૦-૩૫ મુમુક્ષુઓ સાથે રાજનગર પર્લી ખાતે પધાર્યા હતા. એમની સાથે તાત્વિક વિચારણાની આપ-લે અર્થે પર્લી ખાતે એક ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૩ જાન્યુઆરીના સવારના શ્રી ગાંગજીભાઈ મોતાનું આગમન થયુ જેને શ્રી નિલેશભાઈ મહેતાએ તિલક કરી વધાવ્યું.

બે દિવસના રોકાણ દરમિયાન પૂજ્ય સાહેબજીએ પોતાના વાંચનમાં આત્માનું મહાત્મ્ય સમજાવતાં કહ્યું કે જીવે પોતે જ પોતાના આત્માને ઉજાગર કરવાનો છે. એ કાર્ય માત્ર 'હું' પોતે જ કરી શકીશ. આત્મા અનંત જ્ઞાનનો પિંડ છે અને એને એના ગુણથી અલગ કરવો અશક્ય છે. અત્યારે એ પ્રકાશમાન નથી એનું કારણ એની ઉપર લાગેલા કર્મના આવરણ છે અને એ આવરણને તોડી શકવાની સમર્થતા પણ આપણા પોતાના આત્મામાં જ છે. કર્મને એક જ વ્યવસ્થા તોડી શકે, એ છે સમ્યક જ્ઞાન. સમ્યક જ્ઞાનની નિર્મળતા થતાં આત્માનો સ્વપર પ્રકાશક ગુણ પ્રકાશીત થાય છે. આમ પૂજ્ય સાહેબજીએ અચિંત્ય આત્માનું મહાત્મ્ય એમની શૈલીમાં ખૂબ જ સરળ રીતે સમજાવ્યું.



## પૂ. સાહેબશ્રી ગાંગજીભાઈ મોતાની રાજનગર પલ્લીની પરમાર્થિક મુલાકાત

પૂજ્યશ્રીએ એજ વાતનો દોર સાંધતા પોતાના વાંચનમાં આત્માને પામવાનો શ્રેષ્ઠ માર્ગ સમજાવ્યો, એ છે ભક્તિમાર્ગ. પણ ભક્તિ કોની કરવી એ સહુથી વધુ અગત્યનું છે. આત્માને જો પામવો હોય તો આત્મ પ્રાપ્ત સત્પુરુષની, વિદ્યમાન સત્પુરુષની ભક્તિ કરવી યોગ્ય છે, જે પરમ કૃપાળુ દેવે વચનામૃતમાં પાને પાને આલેખ્યું છે. એવા વિદ્યમાન સત્પુરુષ પ્રત્યે અપેક્ષા રહિતનો પ્રેમ જ્યારે થાય, એમના પ્રત્યે અનન્ય એવી અર્પણતા થાય, એમની પ્રત્યેક ઈચ્છા પૂરી કરવાની તત્પરતા ઉદ્‌ભવે ત્યારે એમણે આત્માની જે દશા પ્રાપ્ત કરી છે એની અંશે કરીને પ્રતીતિ થાય. એવો પ્રેમ સત્પુરુષને કરવાનો છે જે ક્યારેય, કોઈ ભવમાં, કોઈને ન કર્યો હોય. એના માટે જગતના સર્વ જીવો પ્રત્યે નિર્વૈર બુદ્ધિ રાખવી એ પ્રથમ પગથિયું છે.

તા. ૨૩ અને ૨૪ જાન્યુઆરીના બે દિવસ સતત બન્ને સત્પુરુષોની કરૂણાનો ધોધ હાજર સર્વ મુમુક્ષુઓ પર વરસતો રહ્યો. સાંધ્ય ભક્તિમાં પૂજ્ય સાહેબશ્રીએ પોતાના સ્વરચિત પદો ગાયા અને ગવરાવ્યા હતા. સર્વ મુમુક્ષુઓ અત્યંત ઉલ્લાસમય વાતાવરણમાં ભક્તિમાં લીન થયા હતા. તા. ૨૪ જાન્યુઆરીની સાંજે પૂજ્ય સાહેબજી શ્રી ગાંગજીભાઈ મોતા અને કુકમાં આશ્રમના મુમુક્ષુઓએ રાજનગરથી પ્રસ્થાન કર્યું.

''સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.''

Questions from Aspirants

## પ્રશ્નોત્તરી

**Q નવકાર મંત્ર માટે વિશેષપણે સમજવું છે.**

**A** નવકાર મંત્ર એ મહામંત્ર છે અને મોક્ષને માટે પગથિયા રૂપ છે, જો વિશેષ સમજણ પડે તો. જીવની જ્યારે પરમાર્થ માર્ગે શરૂઆત થાય ત્યારે મુનિ મહારાજના પરિચયમાં આવી મહાવીર ભગવાનનો ધર્મબોધ ગ્રહણ કરી પછી જેમ જેમ જીવની દશા વધતી જાય તેમ તેમ ક્રમશઃ ઉપાધ્યાય અને પછી આચાર્યપદની દશા સમજાય, પછી સિદ્ધ અને અરિહંતની દશા પણ સમજણમાં આવતી જાય. એ જગ્યાએ સમજણ એ લેવાની છે કે સિદ્ધ એ ગોલ છે અને ત્યાં સુધી મારા આત્માએ પહોંચવાનું છે. સિદ્ધ દશા સુધી પહોંચવા માટેનું બળવાન કારણ અરિહંત છે. અરિહંત એટલે પાંત્રીશ પ્રકારના અતિશયો સહિત જીવતા જાગતા વિહરતા તીર્થંકર. તેઓ દેહ છોડી, નિર્વાણ પામી સિદ્ધાલયમાં જાય ત્યારે સિદ્ધ કહેવાય. અરિહંતનો જો પરિચય થાય, જો કે આ કાળમાં અરિહંત કહેતા સર્વજ્ઞની દશાવાળા જીવ ન હોય પણ જેને આત્મજ્ઞાનની પ્રાપ્તિ છે એવા પુરુષને એ જગ્યાએ મૂકી શકાય. એ અરિહંતની જગ્યાએ એમના પરિચયથી કેવળી કે સિદ્ધની દશા, સત્તધર્મની સમજણ, જીવતા જાગતા દેહધારી પુરુષ પાસેથી જ મળી શકે. એ વગર ધર્મનો સાચો અર્થ જીવને સમજ ન પડે એવી મારી માન્યતા છે, બધાની જુદી જુદી હોઈ શકે છે.

જ્યારે દેવ-ધર્મ-ગુરુની વાત કરીએ ત્યારે દેવની જગ્યાએ સિદ્ધ ભગવાન છે, ધર્મની જગ્યાએ વિતરાગ વિજ્ઞાન છે અને ગુરુની જગ્યાએ અરિહંત અથવા પ્રત્યક્ષ સત્‌પુરુષ છે. સિદ્ધાંતિક રીતે જ્યારે આટલું સમજાય ત્યારે આચાર્યપદનું એડમિનિસ્ટ્રેશન સમજાય છે. અત્યારે આચાર્યની માત્ર થીયોરોટીકલ સમજણ પડે છે, પણ પ્રેક્ટીકલમાં નથી. ત્યાર પછી ઉપાધ્યાય કે જેઓ સત્સંગ કે બોધ વિગેરે આપે છે અને પછી સાધુપણું સમજણમાં આવે. એટલે કે સાધુ સંતો પાસેથી બેઝીક નોલેજ લઈ ક્રમશઃ ઉપર જવું જોઈએ. ઉપરનો ગોલ નક્કી થઈ જાય તો પુરુષાર્થની શરૂઆત થાય. સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુમાં નવકારના પાંચ પદો આવી જાય છે.

**Q જીવદયા કેટલી મહત્વની હોય ?**

**A** ''અહિંસા પરમો ધર્મ'' એનાથી વધારે ઉત્તમ શું હોય ? કૃપાળુ દેવનું પદ છે, ''પુષ્પપાંખડી જ્યાં દુભાય, જીનવરની ત્યાં નહીં આજ્ઞાય.'' એક નાના એવા પુષ્પની પાંખડી તોડવાની પણ જીનેશ્વર ભગવાન આજ્ઞા આપતા નથી. તો પછી આપણા પરિચયમાં હોય એવા તિર્યંચના જીવો, નાના જીવજંતુ, પંચેન્દ્રિયના પશુ-

પંખીઓ, મનુષ્યો એ બધા પ્રત્યે અત્યંત એવો સમતા ભાવ રહેવો જોઈએ. સમતા ભાવનો અર્થ એ કે સામી વ્યક્તિ ગમે તે પ્રકારે બીહેવ કરે એનું રીએક્શન ન હોવું જોઈએ. આ જીવદયા થઈ. આજે જીવદયાનો અર્થ માત્ર ગાય-ભેંશો-પશુઓને પાંજરાપોળમાં રાખી એની સેવા કરવી એટલો જ થાય છે. પણ જીવદયાનો વિશેષ અર્થ લઈએ તો જ્યાં જ્યાં જીવ છે એની દયાનો વિચાર કરવો જોઈએ, અને સહુથી વધારે નજીક જે જીવ છે એનું પહેલું ધ્યાન રાખવું. સંસારમાં જેને જીવદયા કહીએ છીએ એ વ્યવહાર દયા છે. જેને કલ્યાણ કરવું હોય એનો સ્વદયા પર પૂરો લક્ષ જોઈએ. પર દયાથી સ્વદયા તરફ લક્ષ જવો જોઈએ. જીવદયા શબ્દની સાથે પહેલો વહેલો પોતાના જીવનો વિચાર આવવો જોઈએ. એનું કલ્યાણનું કારણ થાય એ વિચારવું. ગાય-ભેંસ વગેરે જે પશુઓને તમે મદદ કરો છો એની સાથેનો તમારો પૂર્વનો ઋણાનુબંધ છે, એમનું પુણ્ય છે એટલે આપણી પાસે સેવા કરાવડાવે છે અને આપણે કરવી પડે છે. પણ પછી મેં બહુ પુણ્ય કર્યું એવું અભિમાન લઈએ છીએ એ પરિભ્રમણનું કારણ છે, મુક્તિનું કારણ ચોક્કસ નથી. પુણ્યનું ફળ દેવલોક છે અને એ વાપરી લીધા પછી ચારેય ગતિઓમાં ભટકવું પડે છે.

આ પરદયા કરતાં કરતાં સ્વદયા કહેતાં મારા આત્માનું કલ્યાણ થાય એ સમજવું અત્યંત જરૂરી છે. એકવાર જો મનુષ્યપણું નિષ્ફળ ગયુ તો અનંતકાળ સુધી રખડપટ્ટી છે એમ સમજી સ્વદયા પર વિશેષ લક્ષ આપવો જરૂરી છે.

**Q** **ચોવીસ કલાક અખંડપણે સત્પુરુષના પ્રેમમાં ગળાડૂબ રહેવું હોય તો એના માટે શું પુરુષાર્થ કરવો ?**

**A** પ્રેમ કોઈ પોતાની મેળે ધારે કે હું કરી લઉં એ અસંભવ છે. પૂર્વનું આરાધકપણું હોય અને તત્વની અત્યંત સાચી સમજણ હોય, એ તત્વ મને જોઈએ છે એવી ઝૂરણા થાય અને પછી એ તત્વ જેની પાસે છે એવી વ્યક્તિ, એની આખી જિંદગી ખુશામત કરો. એ જ્ઞાની - સત્પુરુષની ખુશામત એનું બીજું નામ પ્રેમ. એ ત્યારે થઈ શકે કે જે તમને જોઈએ છે એ મારી પાસે હોય અને હું એને સંતાડીને બેઠો હોઉં ત્યારે દુનિયાભરના નાટક કરીને મારી પાસે જે છે એ લેવાનો પ્રયત્ન કરો એને ચાપલુસી કહીએ, ખુશામત કહીએ અને પરમાર્થની ભાષામાં પ્રેમ કહીએ. જે તમને જોઈએ છે એ ન મળે ત્યાં સુધી હું જે કહું છું એ માનવું જ પડે. એટલે કે પ્રેમ કરવાથી નથી થાતો. ઘણા વખતથી માંગેલું હોય કે આવું જોઈએ છે અને એ જેનામાં દેખાઈ જાય તો પ્રેમ થઈ જાય છે. પ્રેમ કરવાની કોઈ રીત નથી હોતી, સમજણ હોય છે.

# Republic Day and Annual Sports Day Celebration

The Kakubhai Jamnadas Balwadi School of the Shree Raj Educational Centre celebrated the Republic Day and its Annual Sports Day on the 26th January, 2014 in the Divine Presence of Param Pujya Shri Prem Acharyaji at the large open sports ground of the Shrimad Rajchandra Aatma Tatva Research Centre. The large crowd of young students, teachers, parents, Trustees, Core Committee members and well wishers cheered and applauded the events of the day.



The Event started with a march past by the students giving salute to the Indian Tri Color. Competition in various local sports such as Lezim, Kho Kho, Kabbadi, Running and Wrestling were then held and the winners were awarded with prizes.

The Annual Sports was a 3 day Event with the final rounds on 26th and included many athletic and gymnastic sports like Wrestling, Running, Hurdle Races, Small kids Frog Jump, Lemon and Spoon Races, One Minute Races etc. where students from Junior K. G. to 5th Standard took part in a healthy competitive mood. Ground games help in developing the spirit of fraternity, good health and inculcating values in life while Kabaddi, Kho-Kho and other group games develop the qualities of leadership, obedience and oneness The School desires not only good citizens but healthy and well disciplined human beings. The students participated in the Games with zeal and enthusiasm especially in the Tug of War and Wrestling which made them joyful and one in spirit.

At the end, Pujyashri blessed everyone with his soul uplifting words and after a Vote of Thanks by Shri J K Joshi, the Principal; the students were treated with a healthy brunch.



# ભગવાન મહાવીર સ્વામી

સંકલન (આપણા ભગવંતો, ચોવીસ તીર્થંકરોનું મહાપુરાણમાંથી)
હર્ષા શાહ,મુંબઈ

... ગયા અંકથી ચાલુ

સંઘર્ષમાં પણ સહર્ષ રહેતા પ્રભુએ એક દહાડો જેની પૂર્તિ સાવ જ અસંભવિત ગણી શકાય એવો અભિગ્રહ ધારણ કર્યો, કે કોઈ સતી રાજકુમારી દાસીપણું પામી હોય, મસ્તક મુંડિત હોય, પગમાં બેડી હોય, તેનો એક પગ ઉંબરામાં હોય અને બીજો પગ ઉંબરાની બહાર હોય અને સૂપડામાં રહેલા અડદના બાકળા વહોરાવે તો અભિગ્રહ પૂરો થાય. મહિનાઓ સુધી પ્રભુ ભિક્ષા લેવા નીકળતા પણ ભિક્ષા ગ્રહણ કર્યા વિના જ પાછા ફરતાં. મહિનાઓ બાદ પ્રભુને પારણાનો અવસર આવ્યો હોવાથી કૌશાંબી નગરીમાં એક બનાવ બની ગયો.

ચંપાનગરીમાં રાજવીની સુંદર પુત્રી ચંદના નગર બહાર સખીઓ સાથે વનમાં ગઈ હતી. ત્યાં વનના સરદારે તેને પકડી એક વેશ્યાના અડ્ડા પર સોંપી દીધી. તેને વેંચવા માટે વેશ્યા આતુરતાપૂર્વક મોટા ગ્રાહકની રાહ જોઈ રહી. આ કોઈ કુળવાન કન્યા છે એમ જાણી, અને કૌશાંબીમાં ચૌટે ખડી કરીને તેનું વેંચાણ થતું જોઈ સંસ્કારી ધનવાહ શેઠે તેને ખરીદી લીધી. પોતાની પુત્રી જેવી જાણી પોતાના ઘરે લઈ ગયા. પરંતુ શેઠની પત્ની મૂળા શેઠાણી ઈર્ષ્યાળુ અને શંકાશીલ હતી.

એક દિવસ બહારથી આવેલા શેઠના ચરણ ધોતા, ચંદનાનો ચોટલો સરખો કરતા શેઠને, શેઠાણીએ જોઈ લીધા. તે શંકાશીલ થઈ. શેઠની ગેરહાજરીમાં શેઠાણીએ ચંદનાને બોલાવી તેના માથે મુંડન કરી અને પગમાં બેડી બાંધી ભોંયરામાં પૂરી દીધી. ત્રણ દિવસની ઉપવાસી ચંદના નવકાર મંત્ર ગણતી રહી. જ્યારે શેઠને ખબર પડી ત્યારે તેઓ છોડાવવા આવી પહોંચ્યા.


આ બાજુ મહાવીર સ્વામીને અભિગ્રહ ધારણ કર્યાને લગભગ ૬ મહિના જેટલો સમય થઈ ગયો હતો. અભિગ્રહ પૂરો થતો ન હતો. છતાં રોજના ક્રમ મુજબ ભિક્ષા માટે નીકળતા. ગોચરી માટે પધારેલા પ્રભુ તરફ નજર જતાં જ ચંદનાએ લાભ આપવા વિનંતી કરી. અભિગ્રહની પૂર્તિ નિહાળીને પ્રભુએ હાથ લંબાવ્યો. ચંદના તો ધન્ય ધન્ય બની ગઈ. ચંદનાએ પારણું કરાવ્યું અને ચમત્કાર થયો. ચંદનાના મસ્તકે સુંદર કેશાવલી ઊગી નીકળી. તેના પગે બેડીઓ તૂટી ગઈ અને તે સુંદર ચંદના ખીલી ઊઠી. આ બધાનું દર્શન કરવા ધનવાહ શેઠ દોડતા આવ્યા. ચંદનાના હાથે પ્રભુનો અભિગ્રહ પાંચ માસ ને પચ્ચીસ દિવસે પૂરો થયો.

કાઉસ્સગધ્યાનમાં ઊભેલા પ્રભુને એકવાર એક ગોવાળે કાનામાં ખીલા ઠોક્યા હતા. તે ખીલાને કોઈ જુએ નહીં, કાઢે નહીં, માટે કાનની બહાર દેખાતો સળીઆનો ભાગ તેણે તોડી નાખ્યો. આટલું વીતવા છતાં પ્રભુ ધ્યાનથી કંપિત ન થયા. હવે તેમની વેદનાનો ઉદય પૂરો થવા આવ્યો હોવાથી ખરક વૈદ્યે એ શૂળોને કુશળતાપૂર્વક ખેંચી કાઢી ત્યારે પ્રભુ તો ધ્યાનમગ્ન હોવા છતાં એ કાયામાં વેદના અસહ્ય બનતા એવી ચીસ નીકળી ગઈ કે એ ચીસની પ્રચંડતાથી જાણે ધરતીમાં કંપ જાગ્યો અને પર્વતમાં

ફાટ પડી ગઈ. બે શૂળોના માધ્યમે જાણે અવશેષ વેદનીયકર્મ જ ખેંચાઈને બહાર આવી ગયું.

સાડાબાર વર્ષોથી ઉગ્ર સંયમ સાધના દરમિયાન આવા અનેક ઉપસર્ગો અને ઉપદ્રવો પ્રભુએ સમભાવે સહર્ષ સહન કર્યા. પ્રભુએ છદ્મસ્થકાળના ૪૫૧૫ દિવસમાંથી ૪૧૬૬ દિવસ ઉપવાસ કર્યા અને ૩૪૯ દિવસ જ પારણાના ગયા. આ તપશ્ચર્યામાં વધુમાં વધુ ૬ મહિનાના ઉપવાસ થયા અને ઓછામાં ઓછું છઠ્ઠ તપ થયેલ છે.

વિહાર કરતાં કરતાં પ્રભુ સમ્મેદ્શીખર તીર્થની નજીક ઋજુવાલિકા નામની નદી કિનારે પધાર્યા. ધ્યાનમગ્ન થઈ શુકલધ્યાનની શ્રેણી ચઢતાં શુદ્ધ ઉપયોગ વડે મોહ ને નાશ કરવા માંડ્યા. ક્ષપક શ્રેણીમાં આગળ વધતા આઠમે - નવમે - દશમે ગુણસ્થાનકે તો ક્ષણમાત્રમાં પહોંચી ગયા. અગિયારમાં ગુણસ્થાનને સ્પર્શ્યા વગર સીધા બારમે ગુણ સ્થાને પહોંચી ગયેલા પ્રભુ હવે સર્વથા વીતરાગ થયા. વીરપ્રભુના અંતરમાં કદી અસ્ત ન થાય એવો કેવળજ્ઞાન - સૂર્ય - ઝગમગી ઉઠયો. પ્રભુ મહાવીર સર્વજ્ઞ થયા... અરિહંત થયા... પરમાત્મા થયા. ઋજુવાલિકા નદીના તટ પર, છઠ્ઠના ઉપવાસ સાથે, ઉત્કટ આસનમાં બેસી ધ્યાનસ્થ થયા ત્યારે વૈશાખ સુદ - ૧૦ના, ચોથા પ્રહરે પ્રભુને કેવળજ્ઞાન પ્રગટ થયું.



ઈન્દ્રનું આસન કંપાયમાન થતાં, પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે તેમ જાણી, ઈન્દ્રની આજ્ઞાથી દેવોએ સમવસરણની રચના કરી. પ્રભુની પ્રથમ દેશના રાજગૃહી નગરના ઉદ્યાનમાં થઈ. આ દેશનામાં દેવો જ આવેલા. મનુષ્યો કે તિર્યંચો ન હતા. દેશનાના અંતે સર્વવિરતી કે દેશવિરતીરૂપ ચારિત્ર ગ્રહણ કરનાર કોઈ ન હતું. તેથી પ્રથમ દેશના નિષ્ફળ ગઈ.

તે સમયે અપાપાપુરીમાં સોમિલ નામના બ્રાહ્મણે યજ્ઞનું આયોજન કરેલ. એ યજ્ઞ માટે ઈન્દ્રભૂતિ વગેરે અગિયાર વિપ્રો પણ હતા. બીજી બાજુ પ્રભુના સમવસરણની રચના થઈ જતાં દેવો-દેવેન્દ્રોનું આગમન પણ ગગનમાર્ગે ચાલુ થઈ ગયું હતું. પરંતુ ઈન્દ્રભૂતિને અભિમાન હતું કે બધા દેવો યજ્ઞ માટે આવી રહ્યા છે. આમ છતાં જ્યારે ઈન્દ્રભૂતિએ સાચીવાત જાણી કે બધા દેવો તો મહાવીરના સમવસરણમાં જાય છે ત્યારે અભિમાનથી ક્રોધિત થઈ ગયા. તેમણે વિચાર્યું મહાવીર જો મારા મનમાં છૂપાયેલી શંકાનું સમાધાન કરી આપે તો હું તેમનો શિષ્ય થઈ જાઉ.

પ્રભુએ ઈન્દ્રભૂતિને આવતા જોઈ, તેમને નામ-ગોત્રથી બોલાવ્યા. તેમના મનમાં છૂપાયેલી શંકા, **'આત્મા છે કે નહીં?'** તે પ્રગટ કરી, વેદપદો દ્વારા જ તેનું (શંકાનું) સમાધાન કર્યું. પ્રભુથી પ્રભાવિત થઈ ઈન્દ્રભૂતિ પોતાના ૫૦૦ શિષ્યો સાથે દીક્ષિત

થયા. તેમને દીક્ષિત થયેલા જાણી અગ્નિભૂતિ તેમજ બીજા અગિયાર વિદ્વાનોની શંકા પણ નિર્મૂળ થતાં બધા પ્રભુના શિષ્ય બની ગણધર બન્યા. ઈન્દ્રભૂતિએ પ્રથમ ગણધર તરીકે સંયમ સ્વીકાર્યું.

કેવળજ્ઞાની બનેલા પ્રભુ જ્ઞાનની ગંગા વહેતી કરવા ઠેર ઠેર વિચરવા લાગ્યા. આથી કેટલાય પતિતો પાવન બન્યા. તેમની ધર્મદેશનાનું શ્રવણ કેટલાયને માટે ભવનું ભ્રમણ ટાળનારું બન્યું. એકવાર પ્રભુ શ્રાવસ્તી નગરીમાં પધાર્યા. જિન ન હોવા છતાં પોતાને જિન કહેવડાવતો ગોશાળો પણ તે નગરીમાં હતો. ગોશાળા બાબત ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ કહ્યું, 'ગોશાળો જિન નથી, સર્વજ્ઞ નથી.' પ્રભુએ પોતાની સર્વજ્ઞતાનો નિષેધ કરેલ જાણી ગોશાળો અત્યંત ક્રોધિત થયો.

જે પ્રભુના નામ માત્રમાં ઉપસર્ગોને શાંત કરી દેવાનું સામર્થ્ય હતું તે પ્રભુ પર તેજોલેશ્યા છોડીને ગોશાળાએ જાણે પોતાની જાતનો વિનાશ નોતર્યો. ગોશાળાની આક્રમકતા જોઈને બે મુનિઓ તેનો પ્રતિકાર કરવા આગળ આવ્યા, તો ગોશાળાની તેજોલેશ્યા એમને બાળી ગઈ. પણ પ્રભુને પ્રદક્ષિણા દઈ પાછી ફરેલી તેજોલેશ્યા એ ગોશાળાના જ શરીરમાં પ્રવેશી ગઈ. તેના શરીરમાં અત્યંત પીડા ઉપડી અને સાત દિવસ બાદ તેનું મોત નીપજાવનાર નીવડી.

**અંતિમ દેશનાઃ** પ્રભુએ અંતિમ ચાતુર્માસ અપાપાપુરી (પાવાપુરી)માં કર્યું. નિર્વાણકાળ નજીક જાણીને પ્રભુએ આસો વદ ૧૪ના અંતિમ દેશનાની શરૂઆત કરી. પ્રભુએ ૧૬ પ્રહર પર્યંત (૪૮ કલાક) અતિમ દેશના આપી. તેમાં પુણ્યવિપાક (ફળ) સંબંધી પંચાવન અને પાપવિપાક સંબંધી પંચાવન અધ્યયન કહ્યા જે અત્યારે **'વિપાકસૂત્ર'** તરીકે પ્રસિદ્ધ છે. પશ્ચાત અપ્રશ્ન (કોઈના પૂછયા વિના) છત્રીસ અધ્યયન કહ્યા. જે અત્યારે **'ઉત્તરાધ્યયન સૂત્ર'** તરીકે પ્રસિદ્ધ છે. સાડત્રીસમું **'પ્રધાન'** નામનું અધ્યયન કહેતા હતા ત્યારે ઈન્દ્રનું આસન કંપાયમાન થતાં, પ્રભુનો નિર્વાણ કાળ એકદમ સમીપ જાણી, ઈન્દ્રે પ્રભુને હાથ જોડી વિનંતી કરી કે 'પ્રભુ ! એક ક્ષણનું આપનું આયુષ્ય વધી જાય તો ભસ્મક નામના દુર્ગ્રહનો પ્રભાવ નિષ્ફળ જાય ! માટે આટલું આયુષ્ય લંબાવો.' પ્રભુએ કહ્યું, 'હે ઈન્દ્ર, આયુષ્યને વધારવા કોઈ સમર્થ નથી. દુષમકાળના પ્રભાવથી તીર્થને બાધા થવાની જ છે. ભવિતવ્યતાના કારણે જ અત્યારે ભસ્મક્ ગ્રહનો ઉદય થઈ કહ્યો છે.'

તે જ રાત્રીએ પ્રભુએ પોતાનો મોક્ષ છે એમ જાણી, ગૌતમસ્વામીનો પોતા પ્રત્યેનો સ્નેહભાવનો છેદ કરવા, દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધ પમાડવા બીજા ગામમાં મોકલ્યા. દેવશર્માને પ્રતિબોધીને પાછા ફરી રહેલા ગૌતમ ગણધરને જ્યાં પ્રભુના નિર્વાણના સમાચાર મળ્યા, ત્યાં જ તેઓ સ્નેહ અને ભક્તિવશ કારમો આઘાત અનુભવી રહ્યા. ત્યારબાદ રાગમાંથી વિરાગ ભાવનામાં આવેલા ગૌતમ ગણધરને પ્રભાતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ભાવદિપક સમા પ્રભુનું નિર્વાણ અને ગૌતમ ગણધરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ, એની ઉજવણી કરવા, દીપાવલી પ્રગટાવી પ્રારંભાયેલું દિવાલી - પર્વ હજી સુધી ઠેર ઠેર ઉમંગભેર ઉજવાય છે.

**(સંપૂર્ણ)**

# પત્રોની પાંખે



**નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજ્ય પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તર રૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચક્તિ થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્‌યા વગર નથી રહી શકતો.**

## પત્રાંક - ૭

સ્નેહ સભર ઘણા પ્રેમાળ પત્રો મળ્યા.

વિશેષમાં આ સર્વ ભાવો સાથે પરમાર્થભાવોનું સંકલન કરી, પરમાર્થને વારંવાર વિચારી, ચિંતવી તેને બળવાન કરતા રહો.

અનન્ય ભક્તિ જરૂરી છે. તે ભક્તિ જ્યારે નિષ્કામ થાય છે, થતી જાય છે તેમ તેનો રંગ પાકો થઈ અનન્ય ભક્તિ પરાભક્તિમાં પલટાય છે.

ક્ષણિક આવેગ અને પૂર્વના નિબંધનને કારણે, પૂણ્ય જોગે, આજના (અત્યારના - હાલના) ભાવો હોય તો પણ તે દરમિયાન, અપૂર્વ એવું કંઈક કરી જ લેવું જેથી આવા કર્મો વારંવાર ઉદયમાં આવી વિશેષ ફળ આપી, આત્માને બળવાન કરી સર્વ કર્મોથી મુક્તિ કરાવે.

એજ કાલ પુરતુ

આનંદમાં રહેશો. અને સર્વ વિકલ્પોને છોડી આત્મભાવમાં રહેશો.

એજ.

## પત્રાંક ૨૨

પરની મારે શું પંચાત, હું તો શુદ્ધ આત્મા છું. (ગામ ગપાટાં અને બીજાઓની વાતમાં ખૂબ રસપૂર્વક પ્રવૃત્તિ થતી હોય ત્યારે)

હે પ્રભુ જલ્દી જલ્દી સાથ આપો. જલ્દી જલ્દી રક્ષા કરો. જ્યારે કલેષિત પરિણામ થાય ત્યારે મન ઉદ્વેગ અને અશાંત થાય ત્યારે હે પ્રભુ મન શાંત કરવા, સ્વસ્થ અને સ્થિર થવા સાથ આપો. વિભાવ, વિષયભાવ, કષાયભાવોથી હે પ્રભુ મને બચાવો, મારી રક્ષા કરો.

હું શાંત સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમય આત્મા છું. જ્યારે મન પ્રફુલ્લિત, શાંત અને સ્વસ્થ હોય ત્યારે મંત્ર આરાધના કરતાં સર્વ વિભાવથી છૂટી, ધ્યાનમાં સ્થિર થવું, વિકલ્પ રહિત થવું. શૂન્ય થવાનો પ્રયત્ન લાગલગાટ કરતા રહી શૂન્ય થવું.

બાકીના સમયમાં ભગવાનના ગુણોને યાદ કરી પ્રભુને યાદ કરવા, તેના સ્મરણમાં તલ્લીન થવું.

સત્પુરુષનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

સત્પુરુષનું યોગબળ મારું જલ્દી જલ્દી કલ્યાણ કરો.

ૐ શાંતિ

એજ લી.

આત્મભાવે વંદન.

# વ્હાલાજી તારા ગુણલા ગાઉં...

તરલાબેન શેઠ, મુંબઈ

પરમ પૂજ્ય પ્રેમ આચાર્યજી (પ.પૂ. પપ્પાજી)ના જીવનને આલેખતી થોડી ગાથાઓની રચના કરી છે જે પ્રયાસ સાગરમાં બિંદુ સમાન છે. કેમકે આપના ગુણગાન તો જેટલા ગાશું કે લખશું એ ઓછા જ પડવાના છે કારણ આપના ગુણો, ઉપકારો તો અપરંપાર છે. આપના ચરણોમાં વેલેન્ટાઈન ડે નિમિત્તે આ એક નાનું નજરાણું સમર્પિત કરતાં ધન્ય થાઉં છું.

હે... - ધન્ય ધન્ય સૌરાષ્ટ્રની ધરતી, જ્યાં જન્મ્યા સંત મહંત,
હે... ધન્ય ધન્ય એ જોડિયા ગામ, જેણે જગને દીધુ રતન, વ્હાલાજી (૨)
હે... સંવત ઓગણીસો પંચાશી, માગશર સુદી દશમ,
હે... મહેતા કુળમાં જન્મ ધરીને, તેં તો કાર્ય કર્યું મહંત, વ્હાલાજી (૨)
વ્હાલાજી તારા રૂપને વખાણું કે પછી તારા તેજને વખાણું (૨)..... (૧)

હે... પિતા અમૃતલાલે અમૃત રેડ્યા ને, માત પ્રભાએ તેજ દિધા,
હે... નામ દીધુ તને પ્રવિણચંદ્રને, સાગર જેવા હેત દિધા રે તને (૨)
હે... કાનપુરમાં વાસ કર્યો ને, કર્મભૂમિ કલકત્તા કરી,
હે... હરેક ક્ષેત્રમાં નામના મેળવી, બન્યા સફળ મહા વ્યાપારી રે તમે (૨)
વ્હાલાજી તારી પ્રવિણતા વખાણું, કે પછી ચતુરાઈને વખાણું (૨)... (૨)

હે... બાહ્યજીવન પૂર્ણ સંતોષી, અંતરંગ બીજું કંઈક શોધે,
એ અંતરંગ સુખની પ્રાપ્તિ અર્થે, નજરે મુંબઈ શહેર ચડે રે તને (૨)
હે... અનેક યોગીઓનો યોગ થયો, પણ મન ન તારું ક્યાંય ઠરે
હે... કર્યો પરમ કૃપાળુ દેવને પડકાર કે, આતમ સાચો પુરુષ ઝંખે રે મારો (૨)
વ્હાલાજી તારી ઝંખના વખાણું કે પછી તાલાવેલીને વખાણું...... (૩)

હે... પ્રેમીજનની અનન્ય ભક્તિથી, રાજપ્રભુનું દિલ દ્રવ્યું,

હે... યોગ કરાવ્યો ભોગી બાપુજીનો, જોઈને તારું મસ્તક ઝૂક્યું, રે વ્હાલા (૨)

હે... સહધર્મચારિણી રમાબેનની, પ્રેરણાથી ગુરુ શરણ ગ્રહ્યું,

અને પરમપદની પ્રાપ્તિ અર્થે, બન્નેએ ચિત્તને જોડી દીધું રે વ્હાલા (૨)

વ્હાલાજી તારી શ્રદ્ધાને વખાણું કે પછી અર્પણતા વખાણું...... (૪)

હે... તારી અદ્ભુત ઉપાસનાને નિરખી, વિવશ થયા પૂજ્ય બાપુજી,

હે... ભક્તિમાર્ગ ને નિર્વાણમાર્ગના રહસ્યો ખોલ્યા આપ પ્રતિ રે વ્હાલા (૨)

હે... સદ્ગુરુ ભોગીની નિસ્પૃહ કરૂણાથી, બન્યા આતમરસ ભોગી,

હે... રોમ રોમ ગુરુ ઉપકાર વેદન, ધન્ય ધન્ય અવતાર ગણી રે તેતો (૨)

વ્હાલાજી તારી સંગતા વખાણું કે પછી નિસંગતા વખાણું........ (૫)

હે... સર્વ જીવો સતસુખને પામો, એવો અંતરંગ ભાવ રહે,

અને પ્રભુ રાજની પ્રેરણા પામી, વચનામૃતનો ધોધ વહે, રે મુખે (૨)

હે... તારા અનુપમ વચનો, સૌમ્ય મુદ્રા ને સત સમાગમ જે પામે,

પ્રેમ શ્રદ્ધાથી અવધારે તો સહજ સ્વરૂપને તે પામે, રે વ્હાલા (૨)

વ્હાલાજી તારા યોગને વખાણું કે પછી તારા બળને વખાણું........ (૬)

હે... અણમોલ આત્મતત્વને દીધું, જાણે લાગો છો બીજા ગુરુરાજ,

હે... અહો અહો ઉપકાર તમારા, કઈ રીતે તમને કથું હું આજ... વ્હાલા (૨)

હે... સત્નો રાહ બતાવી આપે, બિરૂદ દિપાવ્યું પપ્પાજી બની,

હે... અમ સૌ બાળનો કોલ છે આપને કે, ચાલશું ચીંધેલ રાહ ભણી, રે અમે (૨)

વ્હાલાજી હરિભાઈઓને વખાણું કે પછી મીરાબેનોને વખાણું,..... (૭)

વ્હાલાજી તારા ઉપકાર ગાઉં, ને પછી એને ગાઈ ગજાઉં,

વ્હાલાજી તારા ગુણલાં ગાઉં ને પછી એને ગાઈ ગજાઉં...

# અખાના છપ્પા

હેતલ દોશી - મુંબઈ

***પાછલા અંકમાં ''કથા સુણી સુણી ફુટયા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન''ની સમજણ લેતા જાણ્યું કે એટલી બધી કથાઓ મહાન પુરુષોની અને એ પણ મહાન પુરુષોના મુખે સાંભળી છે છતાં જીવને બ્રહ્મજ્ઞાન અર્થાત્ આત્માનું જ્ઞાન થયું નહીં. અનંતકાળના પરિભ્રમણમાં જીવ તીર્થંકરની પર્ષદામાં જઈ આવ્યો પણ સત્‌ની પ્રાપ્તિ ન થઈ કારણ તીર્થંકરની વાણી ઉપર તેણે વિચાર જ ન કર્યા.***

***આત્મજ્ઞાન પામવાનું બળવાન નિમિત્ત હોવા છતાં જીવ કેમ આત્મજ્ઞાનથી વંચિત રહી જાય છે એના ઘણા કારણો છે - (૧) અનિયમિતપણું (કોઈપણ એક જ્ઞાનીને વર્ષો સુધી નથી સાંભળ્યા) (૨) એકાગ્રતાનો અભાવ, (૩) પરમાર્થ સમજણનો અભાવ, (૪) અશ્રદ્ધા, (૫) મને ખબર છે, સમજાય છે, (૬) નકારાત્મક વિચારો (૭) જીવ પોતાને જ સાંભળે છે, (૮) માત્ર સાંભળ્યા કરવાની ટેવ, (૯) જીવ જેની પાસે સાંભળે છે એના પ્રત્યે અહો ! ભાવનો અભાવ...***

***ભજન ભજન તો સહુકો કહે, (પણ) ભજન પ્રતાપ કોઈ નવ લહે,***

***કરમાં માળા, મુખ કહે હરિ, મન વેપાર કે નારી ખરી,***

***અખા ભજની આકાશે રહે, (જ્યાંહાં) મન બુદ્ધિ ચિત્ત અહંકારના લે... (૨)***

ભક્તિથી કેટલી સરળતાથી મુક્તિ મળી શકે છે એમ આ છપ્પામાં અખાજી સમજાવવા માંગે છે.

ધર્મનું બીજું એક અનુષ્ઠાન છે ''પ્રભુ ભક્તિ'' જેમાં પ્રભુના ગુણોની સ્તવના કરવામાં આવે છે, પરંતુ પ્રભુ ભક્તિનો મહિમા જાણ્યા વગર. જેમ ''રાજ રાજ સૌ કો કહે વિરલા જાણે ભેદ'' એમ ભજન તો સહુ ગાય છે પણ મીરા અને ગોપીઓ પોતાના સમસ્ત અસ્તિત્વને ભૂલી જઈ ભગવાન મય થઈ જતી હતી અને દરેક કાર્યમાં પ્રભુને જ નિહાળતી, એટલે જ જ્યારે દહીં વેચવા નીકળે છે તો પણ હાં રે કોઈ મહી લ્યો ને બોલવાની બદલે હાં રે કોઈ માધવ લ્યો બોલાઈ જાય છે.

માત્ર મુખથી જ ભજન કરનાર જીવની માનસિક દશા એવી છે કે હાથમાં ભલે માળા હોય કે મોઢામાં પ્રભુનું નામ કે ભજન બોલાતા હોય પરંતુ જીવનું મન તો વેપાર, સ્ત્રીકથા, રાજકથા, દેશકથા અને ભોગકથામાં જ હોય છે. લોકોમાં પોતે કેવો મહાન ભક્ત છે એ કહેવડાવવામાં રહી જાય છે. પરંતુ પોતાનું મન(વૃત્તિ) કે

જે બંધન અને મુક્તિનું કારણ છે એ મન જ્યાં જ્યાં ભટકે છે ત્યાંથી ઉપાડી પ્રભુમાં ભજન દ્વારા સ્થિર કરવું છે એવો જીવને લક્ષ નથી.

ભક્તિમાર્ગ એ સર્વોપરી અને સૌથી સહેલો છે. જીવને ભક્તિ કરતાં પણ બરાબર આવડે છે પરંતુ અત્યાર સુધી પરની કે જડની જ ભક્તિ કરી છે. દા.ત. જેને જે ચીજમાં રૂચિ હોય જેમ કે નૃત્ય, રસોઈ કે ચિત્રકારી, એ કરવા બેસે ત્યારે કલાકો સુધી એ ક્રિયામાં એવા ઓતપ્રોત થઈ જાય કે ઘર-બાર બધું ભૂલી જવાય છે, પરંતુ પ્રભુ પ્રત્યે આવી રૂચિ જાગી નથી, લગની લાગી નથી માટે એના મય થવાતું નથી અને ભજન ગાતા ગાતા પણ પરના વિચાર આવે છે. વળી જ્યાં હું અને મારાપણું નથી ત્યાં કંઈપણ પણ બનતું હોય એની જીવને બહુ અસર નથી થતી જેમકે ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના મુંબઈની તાજ અને ઓબેરોય હૉટલમાં આતંકવાદીઓએ ઘૂસી જઈ ગોળીબાર કર્યા, બીજે પણ બોમ્બ બ્લાસ્ટ કર્યા એ બધી ઘટના નિરંતર ટીવી પર જોઈ અને જોતાં જોતાં ખાવાપીવાની બધી જ પ્રવૃત્તિ પણ ચાલુ હતી, એની કોઈ જ અસર ન હતી. કારણ આમાં 'આપણું' કોઈ જ નથી મર્યું કે નથી હેરાન થયું. પરંતું જીવને જેવી ખબર પડે કે મારું કોઈ સગું ત્યાં છે તો આ જીવ કેવો ઊંચો થઈ જાય અને કેટલી હાયવોય શરૂ થાય ?

એટલે કે જ્યાં હું અને મારાપણું છે એ દુઃખનું કારણ છે અને એના વિચાર આવ્યા કરે છે. દા.ત. જ્યાં દેહ ને જ પોતાનું સ્વરૂપ મનાતું હોય, હું એટલે હેતલ અને સગાવહાલાંમાં મારાપણાના ભાવ હોવાથી સતત હું અને મારામાં વિચાર અટકેલા રહે છે. પરંતુ હું આત્મા છું, આ જગતમાં ઈશ્વર સિવાય મારું કોઈ નથી તેઓ જ મારા સર્વસ્વ છે, નાથ છે, એ જો જીવથી નક્કી થાય તો પરના વિચારોથી રહિત થઈ શકાય. જેમ મીરાંજીએ પ્રભુમાં પોતાનું સમસ્ત અસ્તિત્વ ઓગાળી દીધું હતું, જેમ ચાર જ્ઞાનના ધણી ગૌતમ સ્વામીએ પોતાનું સર્વસ્વ ભગવાન મહાવીરને સોંપ્યું હતું અને સંસારમાં ક્યાંય એમનું મન લેપાતું ન હતું એમ જ્યારે શિષ્ય બની ભગવાનનું ભજન થાય ત્યારે એ ભજનના પ્રતાપે જેમ અવકાશને બાંધી ન શકાય, બાળી કે કાપી શકાતું નથી એમ જીવના મન, ચિત્ત, બુદ્ધિ અહંકાર બધુ પ્રભુમય થઈ જતાં સમગ્ર અવકાશમાં, વિશ્વમાં જીવને શિવનું અસ્તિત્વ દેખાય છે. પ્રભુમય થવાથી કોઈ બાહ્ય પ્રવૃત્તિમાં ચિત્ત ન ચોટતું હોવાથી જીવને નવા કર્મ બંધન હળવે હળવે ઓછા થતાં પૂર્વકર્મ ક્ષયમાં જતાં મુક્તિનું કારણ થાય છે.

"જીવના મન, ચિત્ત, બુદ્ધિ અહંકાર બધુ પ્રભુમય થઈ જતાં સમગ્ર અવકાશમાં, વિશ્વમાં જીવને શિવનું અસ્તિત્વ દેખાય છે."

આમ અખાજી ભજનનો મહિમા સમજાવતાં કહે છે કે જે જીવ ભજનના પ્રતાપે પોતાના અસ્તિત્વને પ્રભુમાં ભેળવી દે છે એ પ્રભુ થઈ જાય છે. બાકી મોઢેથી ભજન ગવાય અને મન વેપાર કે બાહ્ય પ્રવૃત્તિના વિચારોમાં હોય તો જીવ માત્ર 'હું ભજન

કરું છું' એ ભ્રમમાં પોતાને ભક્ત કહેવડાવી બંધાય છે.

પરંતુ જે જીવો માત્ર મુખેથી ભજન/કિર્તન કરે છે એમના મન-ચિત્ત-બુદ્ધિ માત્ર બાહ્યમાં જ પ્રવર્તે છે. નાનું અમસ્તુ નિમિત્ત મળતા એના મય જીવથી થઈ જવાય છે. શિયાળામાં ટીવીમાં કોલ્ડ ક્રિમની જાહેરાત જોતાં તરત જ મનમાં વિચાર ચાલશે હવે કોલ્ડ ક્રીમ લેવું પડશે. મન બુદ્ધિને મેસેજ આપશે. બુદ્ધિ વિવેકથી વિચારશે, ઠંડી પડવાની શરૂઆત થઈ ગઈ છે. કોલ્ડ ક્રીમ નહીં લગાવું તો ડ્રાય સ્કિનના કારણે ચામડી ફાટવા માંડશે. હવે બુદ્ધિ ચિત્તને મેસેજ આપશે અને ચિત્ત પાસ્ટમાં જઈ વિચાર કરશે કે ગયા વર્ષે આમ જ ટીવીની જાહેરાત જોઈ ભળતું જ ક્રીમ લઈ આવી હતી જે બહુ અસરકારક નહોતું. એના કરતાં એના આગલા વર્ષે અમુક કંપનીનું લીધુ હતું એ સારું હતું માટે આવી જાહેરાત જોઈ ભ્રમાવું નથી. બ્રાન્ડેડ જ લેવું છે અને આ સંદેશો અહમ્કાર આપશે. ચિત્તના ચિંતવન પર એનાલિસીસ કરી અંતિમ નિર્ણય લેવાશે કે કઈ કંપનીનું ક્રીમ લેવું અને છેલ્લે નક્કી કરેલું ક્રીમ લાવશે. આ બધી વિચાર ક્રિયા એક સેકન્ડના અડધા ભાગમાં થઈ જાય છે.

આમ બહિરાત્મ જીવને નાનું એવું નિમિત્ત મળતાં એના મન-ચિત્ત-બુદ્ધિ એજ કામે લાગી જાય છે. પછી મુખથી ભજન બોલાય છે પણ અંતરમાં ખરા અર્થમાં ભક્તિ, પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા, હૃદયની સોંપણી, બુદ્ધિની સોંપણી, ઈચ્છાની સોંપણી થતી નથી. આવી ભક્તિ ઉગી ન હોય તો કલ્યાણનું કારણ નથી થતું.

પરંતુ જેમ જેમ જીવ બહિરાત્મામાંથી અંતરાત્મા તરફ વળે છે, પ્રભુના ગુણોનું ચિંતવન કરે છે અને આ ગુણોનો ધારક હું પોતે છું એ લક્ષ દૃઢ થતા એનું આ જ મન-ચિત્ત-બુદ્ધિ પરમાર્થે મદદ કરે છે.

દા.ત. કોઈ એવું નિમિત્ત મળે ત્યારે અનાદિના સંસ્કારના કારણે કષાયાદિ કરવા પ્રેરાય કે તરતજ બુદ્ધિ સત્ય અસત્યનો વિવેક કરશે. ચિત્ત ભૂતકાળમાં જઈ એનાલીલીસ કરશે કે આની પહેલા આવા સંજોગોમાં ક્રોધાદિ કરી અપસેટ થઈ જવાયું હતું. પાંચ મિનિટનો મતભેદ પાંચ કલાક આર્તધ્યાનનું કારણ થયું હતું. આ રીપોર્ટ અહમ્કારને આપશે. ચિત્તના નિર્ણય પર અહમકાર વિચાર કરશે. જો છૂટવું છે, આર્તધ્યાન ટાળવું છે, આનંદમાં રહેવું છે તો શાંત રહેવું જ હિતકારક છે. માટે મતભેદ ટાળવો. આત્મા પોતે શાંત મૌન રહેવા પ્રયત્ન કરશે.

# पुष्पचूला

**सौजन्य: जिन शासन के चमकते हीरे**

गंगा नदी के तट पर पुष्पभद्रा नामक नगर था। वहाँ पुष्पकेतु नामक राजा राज्य करता था। उसकी पुष्पावती नामक रानी थी। उस रानी ने एक बार एक साथ दो बालको को जन्म दिया। उसमें से एक पुत्र और एक पुत्री थी। उन दोनों के नाम अनुक्रम से पुष्पचूल और पुष्पचूला रखें।

साथ साथ खेलते खेलते बड़े होते वे दोनों बालकों को देखकर राजा को एक विचार हुआ कि यदि इन दोनों बालको को ब्याह के कारण अलग होना पड़ेगा तो उनका स्नेह खण्डित होते ही वे तरसते हुए तड़प तड़प कर मर जायेंगे। मैं भी उनका वियोग सहन न कर सकूंगा, सो उनका ब्याह कर दिया जाये तो ठीक रहेगा। ऐसे विचार से उसने राज्यसभा में मंत्री के सम्मुख प्रकटरूप से पूछा, 'अंत:पुर में जो रत्न उत्पन्न होते हैं उनका स्वामी कौन?' मंत्री ने उत्तर दिया, 'आप ही उनके स्वामी कहे जाओगे।' इससे अपने पुत्र-पुत्री का परस्पर विवाह कर दिया। यह दुष्कृत्य रानी माँ सहन न कर पाई। उन्होंने बड़ा खेद पाया और वैराग्य पाकर व्रत धारण कर लिया। तीव्र तपश्चर्या करके रानी मृत्यु पाकर स्वर्ग में देवता के रूप में उत्पन्न हुई। पुष्पकेतु राजा की भी मृत्यु हो गई सो पुष्पचूल ने राज्यपद धारण किया और अपनी सगी बहिन के साथ संसार - व्यवहार के भोग भोगते रहा। पुष्पावती का जो जीव देवरूप में उत्पन्न हुआ था, उसने अवधिज्ञान से ऐसा अकृत्य होता देखकर सोचा, 'अरे रे! इस जगत के जीव इतने अधिक कामांध हैं कि राग में आसक्त होकर कार्य - अकार्य के बारे में कुछ सोचते ही नहीं है। इन दोनों को कुछ न कुछ बोध देना जरूरी है ऐसा सोचकर पुष्पचूला पर बड़ा प्रेम होने के कारण उसको नरक के दु:ख स्वप्न में दिखाए। ऐसे स्वप्न देखकर भयभीत होकर पूष्पचूला अपने पति को कहने लगी, 'पाप करने से नरक के कैसे दु:ख झेलने पडते है? आज नरक के दु:ख देखकर बड़ा डर उत्पन्न हो गया है।' राजा ने दूसरे दिन जोगी, बाबा आदि को राजसभा में बुलाकर पूछा, 'नरक कैसा होता है?' किसीने कहा कि इस जगत में गर्भावास में रहना ही नरक है। दूसरे किसीने कहा कि बंदीगृह में पड़ना ही नरक है, किसीने कहा कि दरिद्रता ही नरक है, कोई बोला कि परायी ताबेदारी ही नरक है।

''इस जगत के जीव इतने अधिक कामांध हैं कि राग में आसक्त होकर कार्य - अकार्य के बारे में कुछ सोचते ही नहीं है।''

रानी को सब उत्तर जचे नहीं सो अंत में उसने जैन मुनि के पास जाकर नरक का स्वरूप पूछा। उन्होंने कहा, नरक सात हैं। उसमें पहले नर्क में एक सागरोपम का, दूसरे में तीन सागरोपम का यूं सातवें नरक में तैंतीस सागरोपम् का आयुष्य है। कई नरकों में क्षेत्र वेदना है व कई में परधामीनी वेदनाएँ है। रानी ने रात्रि को स्वप्न में जो देखा था ऐसा ही नरक का स्वरूप जैनाचार्य के मुख से सुनकर वह बोली कि, 'आपको भी ऐसा स्वप्न आया था क्या?' जैनाचार्य ने कहा, 'हे भद्रे! हमें स्वप्न आया नहीं है पर हम जैन आगमों से सब कुछ जान सकते हैं।' रानी ने पूछा, 'महाराज! क्या क्या कार्य करने से प्राणी को नरक पड़ता है?' गुरु ने उत्तर दिया, 'एक तो महाआरंभ करने से, दूसरा महापरिग्रह पर मूर्छा रखने से, तीसरा मांस या मांस जैसा भोजन करने से और चौथा पंचेन्द्रिय जीव का वध करने से प्राणी नरक में उत्पन्न होता है।'

दूसरे दिन रात्री में देवता ने रानी को देवलोक के स्वप्न दीखायें। यह सुनकर सर्व दर्शनों के मुनियों को राजा के पूछने पर उत्तर ठीक न मिलने से जैनाचार्य को पूछा तो रानी नें जैसा स्वप्न देखा था वैसा ही वर्णन सुनकर, 'बड़ी खुश होकर पूछने लगी कि, स्वर्ग का सुख कैसे पाया जाय?' गुरु बोले, 'श्रावक अथवा साधू का धर्म पालने से स्वर्ग की प्राप्ति होती है।' रानी यह सुनकर उन पर बड़ी प्रसन्न हुई। अपने पति को कहने लगी, 'स्वामिन् ! आप आज्ञा दे तो मैं दिक्षा लूं।' रानी पर उसको इतना सारा प्रेम था कि वह उसका वियोग पल भर भी नहीं सह सकता था। लेकिन रानी के बहुत आग्रह पर राजा ने कहा, 'यदि तू सदैव मेरे घर पर भोजन लेने आवे तो मैं तूझे दिक्षा लेने की अनुमति दूँ।' यह बात मान्य करने पर राजा ने अरणिका पुत्राचार्य से बड़े महोत्सवपूर्वक उसको दिक्षा ग्रहण करवाई। दीक्षा लेने के बाद वह हर रोज एक बार राजा को दर्शन देने जाती थी। इस प्रकार कुछ समय बीतने के बाद वहाँ ज्ञान के उपयोग से अकाल पड़ने का ज्ञात होते ही आचार्य द्वारा अपने शिष्यों को अन्य देश में विहार करने का कहने पर उन्होंने वहां से विहार किया। आचार्य महाराज अकेले ही वहाँ रहे। पुष्पचूला आचार्य महाराज को आहार, पानी वगैरह ला देती थी। सुश्रुषा वैयावच्च (सेवा) करने में बेग्लानपूर्वक तत्पर रहती थी। इस प्रकार वैयावच्च करते रहने में कुछ काल बीतनें पर क्षपक श्रेणी में पहुँचते ही उसे केवलज्ञान उत्पन्न हुआ फिर भी गुरु की वैयावच्च करने में वह हंमेशा तत्पर रहती थी और उन्हें जिस चीज में रुचि हो वह वही ले आती थी। एक बार गुरु ने उसको पूछा, 'भद्रे। बड़े लम्बे समय से तू मेरे मनचाहे आहार-

''श्रावक अथवा साधू का धर्म पालने से स्वर्ग की प्राप्ति होती है।''

पानी ले आती है, तो इसका पता तूझे कैसे चलता है? तूझे कुछ ज्ञान हुआ है? उसने कहा, 'हे पूज्य! जो जिसके पास रहते हैं तो सहवास से उनके विचार क्या नहीं जान सकते? (मुझे केवलज्ञान प्राप्त हुआ है - ऐसा बताया नहीं क्योंकि ऐसा ज्ञात होने पर आचार्य उससे आहार-पानी न मंगवाते) एक बार वह बरसते बरसात में आहार-पानी ले आयी। आचार्य ने कहा, 'हे कल्याणी! तु श्रुतसिद्धांत के ज्ञान से आहार पानी लाने के आचार की ज्ञाता फिर भी बरसते बरसात में आहार-पानी क्यों लाई?' उसने कहा, 'जहाँ जहाँ अपकाय अचित वर्ष है उस उस प्रदेश में रहकर आहार लायी हूँ इसलिये यह आहार अशुद्ध नहीं है।' गुरुने पूछा, तूने अचित प्रदेश कैसे जाना? उसने उत्तर दिया, 'ज्ञान से।' आचार्य ने पूछा, 'कौनसे ज्ञान से?' प्रतिपाती (आने के बाद चले जाय) या अप्रतिपाती?' (आने के बाद चला न जाये) वह बोली, 'आपकी कृपा से अप्रतिपाती (केवल) ज्ञान से ज्ञात हुआ।' आचार्य महाराज बोल उठे, 'अहो! मैंने केवली की आशातना की है।' ऐसा कहकर उससे क्षमा-याचना करके पुष्पचूला को पूछा, 'मुझे केवलज्ञान होगा या नहीं?' केवली ने कहा, 'हाँ, आपको गंगा नदी के पार उतरते ही केवलज्ञान उत्पन्न होगा।' कुछ समय बाद आचार्य कई लोगों के साथ गंगा नदी पार कर रहे थे। जिस ओर आचार्य बैठे थे, नाव का उस ओर का छोर झुकने लगा। बीच में बैठे तो पूरी नाव डूबती देखकर सब लोगों ने उन्हें नदी में धकेल दिया। पूर्वभव में आचार्य द्वारा अपमानित पूर्वभव की स्त्री व्यंतरी बनी थी जो नाव डूबा रही थी। पानी में एक सूली खड़ी की गई होने से नदी में धकेले गये आचार्य पानी में गिरते ही लहूलूहान हो गये। फिर भी 'हा हा! मेरे इस खून से अपकाय जीव की विराधना होती है' - ऐसा सोचते सोचते उनको वहीं केवलज्ञान उत्पन्न होने से अंतगड केवली होकर मोक्ष गये (केवलज्ञान पाकर कुछ समय में ही मोक्ष पर जाये तो वो अंतगड केवली कहा जाता है)। उनके पास आकर देवताओं ने उनका केवल महोत्सव किया जिसने वहाँ 'प्रयाग' नामक तीर्थ प्रवृत्त हुआ। कैलास पाने व अभीष्ट पाने के लिए महेश्वरी लोग अपने अंग पर वहाँ आरा रखवाते हैं। पुष्पचूला केवली पृथ्वी पर विचरकर कई लोगों को बोध व लाभ देकर अंत में सर्व कर्मो का क्षय करके मोक्ष गई।

"जो भव्य अपने गुरु के चरणकमल सेवन में तत्पर रहता है, वह शाश्वत स्थान पाता है।"

पुष्पचूला का गुणों से पवित्र चरित्र सूनकर जो भव्य अपने गुरु के चरणकमल सेवन में तत्पर रहता है, वह शाश्वत स्थान पाता है।



# Inauguration of
## The Medical & Dental Clinic at Parli

**Shree Raj Medical Centre**

Parli is situated in one of the most backward and undeveloped tribal belts of Maharashtra and when the Shrimad Rajchandra Aatma Tatva Research (STATRC) was established more than a decade ago, glaring cases of child labor, early marriage of girl child, unhygienic surroundings, poor health and dearth of education was found in the surrounding villages. There was lack of basic Medical infrastructure and facilities. On conducting a voluntary review of the health situation of Tambadmal and adjacent villages of Parli in 2004, patients, especially children were diagnosed as suffering from anemia, malnutrition, recurrent respiratory tract infections, skin diseases like scabbies etc.

STATRC decided to undertake the mammoth task of uplifting these people and providing them with a better quality of life. With this aim, the Shree Raj Medical Centre (SRMC) was formed under the auspices of SRATRC under the leadership of late Dr. Harish Dave. From the year, 2004 onwards, the SRMC has been conducting various Medical Camps such as for General Check-up, Dental and ENT, Cancer Screening, Pediatric, Hepatitis B Vaccination, Typhoid and so on. The Mega Eye Camps are a regular annual feature and over 1200 patients have benefitted with improved vision through Cataract surgeries. A Mobile Dispensary, first of its kind in Sudhagadh Taluka was launched in January, 2010 which services about 60 villages situated in the remote hilly regions.

To cater to the increasing need for providing quality Medical Services at a convenient location, the SRMC began a new chapter in its history by establishing a permanent Medical and Dental Clinic in the heart of Parli Village which was inaugurated on 15th February, 2014 in the Divine Presence of Param Pujya Shri Prem Acharyaji by the Chief Guest, Smt. Ramaben Rasiklal Parekh. Smt. Parekh and her late husband, Rasiklalbhai, who was the Chairman of Calico Engineers is associated with philanthropic activities through the Rotary organization and has been supportive of SRMC activities by donating the Mobile Dispensary and making donations of more than a couple of crore.

Speaking on the inauguration occasion, Param Pujya Shri Prem Acharyaji said that after seeing the condition of the tribals when the Ashram was established, I felt that the surrounding population of adivasis and tribals ought to lead a better life which resulted in the Mumukshu Doctors coming forward and organizing the various Camps and the Mobile Dispensary also started. However, to progress further, such a Clinic is necessary and thus it has come into existence today.

Dr. Pinky Thapar, one of the most qualified Doctors of the SRMC and an eminent Surgeon, briefly spelt out the Vision of Param Pujya Shri Prem Acharyaji that this Clinic was a small beginning and plans are afoot to establish a large scale Medical Facility which will provide a holistic approach to healthy living and medical treatment by a combination of different branches of medicine such as Allopathy, Homeopathy, Ayurved, Music Therapy and so on.

Dr. Ramilaben Sanghavi who was present at the occasion offered to sponsor 2 Sterilizers installed at the newly opened Clinic and the General Check up Camp scheduled to be held on 3rd March, 2014. Other Dignitaries present were also very appreciative of the efforts of the SRMC.



# યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગર

(નોંધઃ પરમ શ્રદ્ધેય પૂજ્ય શ્રી આત્માનંદજી લિખીત પુસ્તક ''અર્વાચીન જૈન જ્યોતિર્ધરો'' માંથી ઉપર્યુક્ત પ્રકરણ, અનન્ય પરિવર્તન ટીમ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.)

---

**જ્ઞાનસાધના, યોગસાધના અને આધ્યાત્મિક સાહિત્ય સાધનાના ત્રિવેણીસંગમરૂપે શ્રી બુદ્ધિસાગરસૂરિજી ગુજરાતના આ સદીના એક મહાન, સર્વમાન્ય, આત્મનિષ્ઠ સાધક હતા.**

**જન્મ અને બાળપણઃ** અહિંસા અને શાકાહારની સમર્થક ગુર્જરભૂમિના મહેસાણા જિલ્લાના વિજાપુર ગામમાં એક ધર્મપરાયણ દંપતી શિવાભાઈ પટેલ અને અંબાબેનના ઘેર વિ.સં. ૧૯૩૦ની શિવરાત્રિ (મહાવદ અમાસ)ના રોજ બુદ્ધિસાગરજીનો જન્મ થયો હતો. તેમનું બાલ્યાવસ્થાનું નામ બહેચર રાખવામાં આવ્યું. છ વર્ષની ઉંમરે તેઓનો ધૂળિયા નિશાળમાં અભ્યાસ શરૂ થયો. ધીમે ધીમે છઠ્ઠા ધોરણ સુધી પ્રથમ પંક્તિના વિદ્યાર્થી તરીકે વિદ્યાધ્યયન કરીને તેમણે શિક્ષકોમાં પણ ઠીક ઠીક ચાહના પ્રાપ્ત કરી લીધી હતી.

**ભાવિના એંધાણઃ** દરેક મનુષ્ય પૂર્વજન્મના સંસ્કાર લઈને જન્મે છે. બહેચર નાનપણથી જ દયાળુ, ચિંતનશીલ, એકાંતપ્રિય અને પરોપકારી સ્વભાવનો હતો. પંદર વર્ષની ઉંમરે પોતાના જાનના જોખમે આ યુવાને ભેંસના શીંગડાના મારથી જૈન સાધુઓને બચાવ્યા હતા. તે વખતે ''પશુને મારવાથી તેને આપણા જેવું જ દુઃખ થાય છે અને આપણને પાપ લાગે છે'' એવો ઉપદેશ સાંભળી આ યુવાનને જૈનધર્મ પ્રત્યે આકર્ષણ ઊપજ્યું. અહિંસા, ક્ષમા, ઉદારતા, તપ-ત્યાગ અને શાસ્ત્ર-સ્વાધ્યાય વગેરે જૈન ધર્મમાં ઉપદેશેલી ઉન્નત અને સર્વજનહિતકારી બાબતો પ્રત્યે અંતરનો પ્રેમ ઉભરાવા લાગ્યો. હિંદી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓ તેઓ પોતાની કોઠાસૂઝથી ભણ્યા. થોડા વખત પછી આજોલ ગામે ધાર્મિક શિક્ષક તરીકે અન્યને ધાર્મિક શિક્ષણ આપતાં આપતાં પોતાનું ધર્મ, ઈતિહાસ, નીતિ, યોગસાધના વગેરે વિષયોનું જ્ઞાન પણ ખૂબ વધાર્યું અને તત્વચિંતનમાં આગળ વધવાની સાથે અસત્ય, હિંસા, ચોરી, રાત્રિભોજન વગેરેનો ત્યાગ કરી સદાચારના માર્ગમાં બહેચરભાઈ સુસ્થિર થઈ ગયા. વિદ્યાની પિપાસા આ નાના ગામમાં પૂરેપૂરી નહીં સંતોષાય એમ લાગવાથી શ્રી વેણીચંદભાઈના સહયોગથી આજોલ છોડીને મહેસાણા આવ્યા. અહીં સંસ્કૃત અને ન્યાયનો વિશિષ્ટ

અભ્યાસ અને મોટાં મોટાં પુસ્તકાલયોનો લાભ પણ લઈ શકાય તથા જ્ઞાનની સર્વતોમુખી વૃદ્ધિ પણ કરી શકાય એમ હતું.

**ત્યાગી જીવનનો સ્વીકાર:** જ્ઞાન અને સંયમની આરાધનામાં અસાધારણ પ્રગતિ સાધનાર બહેચરદાસજીને તેમના માતાપિતાના સ્વર્ગવાસના સમાચાર મળ્યા ત્યારથી જ દીક્ષા લેવાનો ભાવ દૃઢ થતો ગયો. શ્રી રવિસાગરજીના શિષ્ય શ્રી સુખસાગરજી મહારાજના સાંનિધ્યમાં તેઓએ વિ.સં. ૧૯૫૭ના માગશર સુદ ૬ના રોજ પાલનપુર મુકામે જિન - દીક્ષા લીધી અને બહેચરદાસમાંથી મુનિ બુદ્ધિસાગર બન્યા.

**સમયદૃષ્ટા સમન્વયકારી યોગસાધક:** તેમનામાં જીવનના પ્રારંભ કાળથી જ જ્ઞાન ગર્ભિત વૈરાગ્યનો ઉદય થયો હતો. પરમાર્થ માર્ગમાં આગળ વધવા માટે આધ્યાત્મિક સાધના જ સર્વશ્રેષ્ઠ માર્ગ છે એવી તેમની દૃઢ માન્યતા હતી. જૈનધર્મના ભિન્ન ભિન્ન સંપ્રદાયોના તુચ્છ વિવાદો અને મતભેદોને તેઓ માનતા નહીં. વિશાળ આર્યસંસ્કૃતિના ઉન્નત મૂલ્યો પ્રત્યેની નિષ્ઠા અને આત્મસાધના દ્વારા પ્રાણીમાત્રને પરમશાંતિ મળે તે માટે પોતે ઉચ્ચકક્ષાની એકાંત સાધના કરી અને સામાન્ય માણસ પણ સમજી શકે તેવું ઉચ્ચકક્ષાનું સુગમ, સરળ, સત્વશીલ અને લોકોપયોગી સાહિત્ય રચીને તેમણે આપણા સૌ ઉપર મહાન ઉપકાર કર્યો છે. અંધશ્રદ્ધા, મંત્ર-તંત્ર, બાધા-આખડી અને ભાવ રહિત ક્રિયાકાંડની ભૂતાવળમાં ભટકતા સમાજને તેમણે સાચા જ્ઞાનનો અને સાચા આચરણનો માર્ગ બતાવ્યો. નાનાં-મોટાં, ગરીબ-તવંગર, જૈન-જૈનેતર, સ્ત્રી-પુરુષ અને નાત-જાત સંપ્રદાય વગેરેના ભેદભાવથી પર બની માનવમાત્રને શુદ્ધ આત્મધર્મનો ઉપદેશ આપ્યો અને તેમને સન્માર્ગ પ્રત્યે વાળ્યાં.

**અધ્યાત્મયોગની સાધના સાથે ધર્મ અને સમાજની સેવાના કાર્યો:** દીક્ષા ગ્રહણ કર્યા પછી પોતાનાં અધ્યયન, દૈનિકચર્યા અને ગુરુસેવાનો સમય બાદ કરીને બાકીના સમયમાં સતત જાગૃતપણે તેઓએ લોકહિતના કાર્યો પ્રત્યે ધ્યાન આપ્યું અને લોકપ્રિયતા પ્રાપ્ત કરી લીધી. પૂજ્યશ્રીના ઉપદેશથી પ્રભાવિત થઈને ગુજરાતના વડોદરા, ઈડર, માણસા, પેથાપુર વગેરે અનેક રાજ્યોના રાજાઓએ પોતપોતાના રાજ્યોમાં થતાં શિકાર, હિંસા, દારૂ, જુગાર વગેરેનો અમુક અમુક દિવસોએ સર્વથા નિષેધ કર્યો અને આ અલખયોગીની પાસે આવીને પોતાને માટે યોગ્ય નિયમો લીધા. વિદ્વાનોની મંડળીઓએ તેમને 'શાસ્ત્રવિશારદ'ની પદવીથી વિભૂષિત કર્યા. 'સાધુ તો ચલતા ભલા'ની ઉક્તિ અનુસાર તેઓ ગામોગામ વિહાર કરતા રહ્યા.

**આચાર્યપદ અને ધર્મપ્રભાવના:** વિ.સં. ૧૯૭૦ના મહા સુદ પુનમને દિવસે વિશાળ જૈન સંઘની હાજરીમાં તેઓને આચાર્યપદ અર્પણ કરવામાં આવ્યું. કઈ રીતે સમાજમાં જ્ઞાન અને સદાચારના સંસ્કાર નિર્માણ થાય, કયા ઉપાયોથી લોકોમાં આત્મવિશ્વાસ જન્મે, કુટુંબ-જ્ઞાતિ, સમાજ-ધર્મ-દેશ અને માનવમાત્ર પ્રત્યે પ્રેમનો, સેવાનો આત્મીયતાનો ભાવ કેમ કરીને જાગે અને લોકો કેવી રીતે વીરતાપૂર્વક જાગૃત જીવન જીવતા થાય, આ બાબતોમાં જ તેમને મુખ્ય રસ હતો. આ ધ્યેય સિદ્ધ કરવા તેઓએ અનેક પ્રકારે સમાજને માર્ગદર્શન આપ્યું. હિંદુ, સ્વામિનારાયણ, સ્થાનકવાસી અને આર્યસમાજના ત્યાગીવર્ગ સાથે પરસ્પર ધર્મવાર્તા કરી અનેકની શંકાઓ દૂર કરી અને સૌને પોતપોતાની પદ્ધતિથી સત્ય, અહિંસા, અપરિગ્રહ અને ઉદાર વિચારધારાના શાશ્વત આર્યસત્યો સમજાવ્યા.

**અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ અને સાહિત્યસેવા:** ભગવાન મહાવીરનો સંદેશ દૂર સુદૂર સુધી સામાન્ય જનતા તે સમજી શકે તેવી સરળ અને સીધી ભાષામાં પહોંચે, એ ધ્યેયને લક્ષમાં રાખીને ઉપર્યુક્ત સંસ્થાની સ્થાપના માણસા મુકામે થઈ. આ સંસ્થા દ્વારા ગુજરાતી, સંસ્કૃત, હિંદી અને માગધીમાં અત્યાર સુધીમાં નાના-મોટા થઈને લગભગ ૧૨૫ જેટલા ગ્રંથો બહાર પડ્યા છે, જેમાં તત્વજ્ઞાન, ઈતિહાસ, અધ્યાત્મયોગની સાધના, વિવેચનો - ભાષાંતરો, જીવનચરિત્રો અને સમાજસુધારણા આદિ વિવિધ વિષયોને આવરી લેવાયા છે. આ ગ્રંથો સૌ કોઈને સમજાય તેવા ઉપયોગી, ઉપકારી તથા વ્યક્તિના દૈનિક જીવનને ઉન્નત બનાવવામાં ઉપયોગી થાય તેવા છે.

**શિષ્ય સમુદાય:** આચાર્યશ્રીનો મુખ્ય રસ અને પ્રયત્ન તો શાશ્વતકાળ માટે રહેનારા શાસ્ત્રો રચવામાં જ રહેતો, તેમ છતાં યોગાનુયોગ તેમણે કેટલાક ભવ્ય જીવોને દીક્ષા આપવાનું કાર્ય પણ બજાવ્યું છે. પૂજ્યશ્રીની પરંપરાના મુનિઓ ભારતભરમાં પોતાના જ્ઞાન-ચારિત્રયુક્ત પ્રેરક, તેજસ્વી અને પ્રતિભાશાળી વ્યક્તિત્વથી સુંદર અને દીર્ઘજીવી શાસન-પ્રભાવના કરી રહ્યા છે.

**સદ્‌ગુણોની સુવાસ:** સત્યાન્વેષક વિશાળ દૃષ્ટિ સહિત ગુણાનુરાગ અને ગુણગ્રહણ, હિંમત અને સાહસ, દીર્ઘદૃષ્ટિ, સતત અપ્રમત પુરુષાર્થ, શ્રુતજ્ઞાનમાં નિષ્ઠા અને તેની સતત આરાધના, સર્વધર્મસમભાવ, દયાદ્રતા, જ્ઞાનગર્ભિત અને વૈરાગ્યજનિત નિઃસ્પૃહતા, વ્રતપાલનમાં નિષ્ઠા અને સતત પ્રયત્નશીલતા, ઉત્કટ શાસનપ્રેમ અને વિશાળ જૈનદૃષ્ટિ, ભારત જૈન મહાજ્ઞાનાલય (પુસ્તકાલય)ની રચના દ્વારા જૈન-જૈનેતરોમાં શાસ્ત્રજ્ઞાનના પ્રચાર-પ્રસારની ભાવના, યોગસાધનામાં નિષ્ઠા અને સતત તેનો અભ્યાસ જેવા સદ્‌ગુણોથી મુનીશ્રી વિભૂષિત હતા.

**ઉત્તરાવસ્થાઃ** વિ.સં. ૧૯૭૦માં માણસા મુકામે આચાર્યપદવી પ્રાપ્ત થયા પછી આ યોગીરાજે સાણંદના બે ચોમાસા બાદ કરતાં બધા ચાતુર્માસ વિજાપુર, માણસા અને પેથાપુરની આજુબાજુ જ કર્યા. વિ.સ. ૧૯૭૬થી તેમને ડાયાબિટીસનો રોગ લાગુ પડ્યો અને તે વધતા ગંભીર માંદગી સુધી પહોંચી ગયો. પરંતુ આ યોગીરાજને મૃત્યુની ફીકર નહોતી. પરંતુ બાકી રહેલા ગ્રંથોના પ્રકાશનનું કાર્ય ત્વરાથી થાય તેવી ગોઠવણ કરી.

૧૯૮૦ના માગશર સુદ બીજને દિવસે તેમણે મહુડીમાં ઘંટાકર્ણવીરની સ્થાપના કરી, જેથી જૈન -જૈનેતર સૌને ધર્મનું આકર્ષણ રહી શકે. વિ.સં. ૧૯૮૧માં દીક્ષાના ૨૫માં વર્ષમાં અને જીવનના છેલ્લા વર્ષમાં પ્રવેશ કર્યો.

**મહાપ્રયાણઃ** મહારોગ ડાયાબિટીસને લીધે તેમના શરીરમાં જુદા જુદા રોગનાં ચિહ્નો દેખાવા લાગ્યા હતા. તેઓની દેહસ્થિતિ વધારે કથળવા લાગી. પણ આત્માની દૃઢતા અને જીવનના સર્વોત્તમ આદર્શને -સ્વપરકલ્યાણને વળગી રહેવાનો સંકલ્પ અફર દેખાતો હતો. તેમને વિજાપુર લઈ જવામાં આવ્યા. સંઘ સાથે મુનિ મહેન્દ્રસાગર સતત સેવા-શુશ્રૂષામાં હતા. વચ્ચે વચ્ચે 'ૐ અર્હંત્ મહાવીર'નો ધીમો નાદ સંભળાતો. સવારે વિજાપુરમાં પ્રવેશ થયા પછી એક-બે કલાકે વિ.સં. ૧૯૮૧ના જેઠ વદ ત્રીજના સવારે ૮.૩૦ વાગે વિશાળ ચતુર્વિધ સંઘની વિદાય લઈ યોગીરાજ શાંતિપૂર્વક અનંતની યાત્રાએ ચાલ્યા ગયા.



# જૈન ધર્મનો પગથાર

સંકલન
ડૉ. સુચિતા દોશી - મુંબઈ

ગયા અંકમાં જોયું તેમ નરકની વેદના ન ભોગવવી હોય, તિર્યંચની પરાધીનતા ન ભોગવવી હોય તો જન્મ મરણના ફેરા અટકાવવા પડશે, પરિભ્રમણ અટકાવવું પડશે. તો તે માટે આરાધવા યોગ્ય આત્મધર્મની પ્રાપ્તિ ક્યાંથી થાય ?

મનુષ્યને ધર્મની (આત્મધર્મની) પ્રાપ્તિ ક્યાંથી થાય ?

પુણ્ય જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે, ભાગ્ય જ્યારે ચરમસીમાએ પહોંચે ત્યારે અનાદિથી ૮૪ લાખ ભવયોનિમાં ભટકતા જીવને આર્યભૂમિ, આર્યકુળ એમાં પણ અહિંસા પ્રધાન જૈન ધર્મની પ્રાપ્તિ થાય છે.

અનંતા કાળચક્ર પસાર થયા, અનંત પુદ્‌ગલ પરાવર્તન કાળ વીતી ગયો, એટલા કાળથી ભવભ્રમણ કરતાં આ જીવને ભાગ્યયોગે જ આર્યભૂમિ સાંપડે છે કારણ કે શાસ્ત્રોમાં વર્ણવ્યા અનુસાર ૩૨ હજાર દેશોમાં માત્ર સાડી પચ્ચીશ (૨૫ ૧/૨) જ આર્ય દેશ છે.

આર્યભૂમિમાં એવી શું વિશેષતા છે ? ભારતીય આર્ય સંસ્કૃતિના ખોળે ઉછરેલા કેટલાંય મહાપુરુષોએ જીવનના સત્ય, સત્ (આત્મ) ને હસ્તગત કર્યું. આપણે પરમ ભાગ્યશાળી છીએ કે એ સંસ્કૃતિના ગૌરવને પામવા સંતો, મહંતો અને ભગવંતોના સાધનામય પરમાણુથી પાવન બનેલી આર્યભૂમિમાં જન્મ પ્રાપ્ત થયો. કવિ કહે છે કે...

''હું કેવો ભાગ્યશાળી ! ભગવાનની ભૂમિને

આ ભવમાં મેં નિહાળી...''

આ આર્યભૂમિ તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો આદિ ઉત્તમ પુરુષોથી પાવન થયેલી છે અને સંતો, મહાત્માઓના સાધનામય પરમાણુઓથી પલ્લવિત થયેલી આ ધરતી છે. આવી આ ભૂમિમાં ધર્મમય પવિત્ર વાતાવરણ સહેજે મળી જાય. સંતોનો સમાગમ સહેજે પ્રાપ્ત થાય, શાસ્ત્ર શ્રવણ કરવાનું સદ્‌ભાગ્ય પણ સરળતાથી સાંપડી જાય.

આ ભૂમિમાં અનાદિકાળથી ભોગના બદલે ત્યાગનું પ્રાધાન્ય રહ્યું છે. ત્યાગનો અર્થ છે છોડવું. રાગ, મોહ, સ્વાર્થ, આસક્તિ, કામના કે યશ મેળવવાની ઈચ્છા, આ બધુ છોડવાનું છે.

અરે ! આત્માના ક્રોધ, માન, માયા, લોભ આદિ શત્રુઓને છોડવાના, જેણે આપણું બગાડવામાં કશું જ બાકી નથી રાખ્યું એવા ઈન્દ્રિયોના વિષયો છોડવાના છે. સૌથી મહાન ત્યાગ તો કાયા પ્રત્યે મારાપણાના ભાવને છોડવાનો છે.

પણ આ બધું કેટલું છોડવું, ક્યારે છોડવું, કેવી રીતે છોડવું, વગેરે કોણ શીખવાડી શકે ?

જેણે આ બધું સમજી, પ્રયોગ કરી પોતે છોડ્યું છે. જગતના સત્‌ને(આત્માને) પ્રાપ્ત કર્યો છે, તેજ શીખડાવી શકે.

જો સદેહે તીર્થંકરો વિચરતા હોય તો એમના દેહના દર્શન કરવાથી, દેશના સાંભળવાથી ધર્મની પ્રાપ્તિ થાય અથવા તીર્થની સ્થાપના કરનાર તીર્થંકરોની ગેરહાજરીમાં તેમના આશ્રયે તેમણે બતાવેલ માર્ગને સમજીને જે આગળ વધ્યા હોય તેવા સંતો, મહાત્માઓ પાસેથી મળે. આવા પૂર્વે થઈ ગયેલા અનંત જ્ઞાનીઓ જો કે મહાજ્ઞાની થઈ ગયા છે, પણ તેથી કંઈ જીવનો દોષ જાય નહીં. એટલે કે અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં. પરંતુ હાલ જે જ્ઞાની સામે બિરાજમાન હોય તે જ દોષને જણાવી, કઢાવી શકે. જેવી રીતે તરસ લાગી હોય તો દૂર દેખાતું સરોવર ગમે તેટલું મોટું હોય તો પણ તરસ છીપાય નહીં, પણ પોતાની પાસે રહેલા એક ગ્લાસ પાણીથી જ તરસ છીપાય.

પ્રત્યક્ષ સદ્‌ગુરુની ઓળખાણ અને પ્રાપ્તિ કેવી રીતે થાય ?

જ્યારે કોઈ વસ્તુનું મહાત્મ્ય સમજાય, તો તે મેળવવાની ઈચ્છા થાય અને ત્યારે જ પુરુષાર્થ ચાલુ થાય છે. એક કહેવત છે, ''જાણકાર વૈદે આપેલું ઝેર પણ જીવાડનારું બને અને ઉંટ વૈદે આપેલું અમૃત પણ મારનારું બને.'' માટે જ કહ્યું છે

''जो बात दवा से हो न सके, वो बात दुआ से होती है।''

काबिल गुरु जब मिलते है, तो बात खुदा से होती है।''

જે વ્યક્તિને દેવ કે ગુરુ પ્રત્યે ભક્તિ, શ્રદ્ધા અને સમર્પણ હોય તેને તેમના દર્શન કરવાના, વંદન કરવાના ભાવ તો ચોક્કસ જાગે. ઘણીવાર ફક્ત ક્રિયા તરીકે પણ જીવ તે કરતાં હોય છે. કારણ કે આપણા દેવો (તીર્થંકરો) સો ટચના સોના જેવા છે. તો આપણો ધર્મ સોનાથી પણ વધારે મૂલ્યવાન છે. પણ આ બન્ને તત્વોની યથાર્થ ઓળખાણ તો પ્રત્યક્ષ હાજર સદ્‌ગુરુ જ કરાવી શકે. આમ આ સત્‌ગુરુ જ, આત્મા જેણે પોતે પરમાત્મા સાથે જોડાણ કર્યું છે, તેઓ તમને ખુદાથી એટલે કે પરમાત્માથી વાત કરાવી શકે. એને જરા ઉંડાણથી વિચારીએ તો પરમ-આત્મા એવા પોતાના શુદ્ધ આત્માની જોડે વાત કરાવી શકે. અર્થાત્ તેની ઓળખાણ, સમજ અને પ્રાપ્તિ સુધી તમને માર્ગદર્શન આપી શકે છે. આના મૂળમાં રહેલ સમજણ 'આ દેહથી ભિન્ન હું આત્મા છું' એ આ પ્રત્યક્ષ સદ્‌ગુરુ જ જીવને કરાવી શકે. આમ પોતાના આત્માનો અનુભવ અર્થાત્ સ્વાનુભવરૂપ સમ્યક્‌દર્શનની પ્રાપ્તિનો લાભ સંત કે સત્પુરુષના સમાગમના નિમિત્તથી મળે છે, તેથી તેમની માંગણી કરી. સંતની સાચી ઓળખાણ સત્સંગથી જ થાય છે અને આત્મકલ્યાણ માટે

તેમના આશ્રયે આરાધના કરવાની સમજણ પણ સત્સંગથી જ આવે છે. માટે જ જીવે સત્સંગની માંગણી કરી છે.

ભારતીય આર્યસંસ્કૃતિમાં સત્સંગનો અનેરો મહિમા ગવાયો છે. સંતનો સમાગમ તે સત્સંગ! જેમ હિમાલયમાંથી કદી અગ્નિ પ્રગટતી નથી, શતદલ કમલમાંથી સુગંધ કદીય જતી નથી તેમ સાચા સંતના અંતરમાંથી સત્ ક્યારેય વિખૂટું પડતું નથી. આવા સંતો સંસારના તંતનો અંત આણવા મથતા હોય છે. તેઓ પોતાના જ્ઞાન દ્વારા લોકોના મનની સમસ્યાઓનું સમાધાન કરતાં હોય છે.

કોઈ પૂછે કે તત્વજ્ઞાન મેળવવા શું કરવું ? તો કહી શકાય કે સત્સંગ! ચિત્તની એકાગ્રતા માટે શું કરવું ? તો પણ કહી શકાય કે સત્સંગ! ક્રિયાઓમાં ભાવ પેદા કરવા માટે શું કરવું ? તો પણ કહી શકાય કે સત્સંગ! ક્રોધાદિ કષાયોને નષ્ટ કરવા માટે શું કરવું ? તો પણ કહી શકાય કે સત્સંગ! બધા ગુણોનું પ્રવેશદ્વાર સત્સંગ છે, હજારો રોગની એકમાત્ર દવા સત્સંગ છે.

જ્ઞાનીઓ તો કહે છે કે તમને કંઈ પચ્ચખાણ લેવાનું મન થાય તો દરરોજ ઓછામાં ઓછું ૧૦ મિનીટ સત્સંગ કરવાના પચ્ચખાણ કરજો! દરરોજની એ ૧૦ મિનીટ તમારા જીવનને ગુણોની ખાણ બનાવી દેશે.

સંસ્કૃત સુભાષિતમાં કહ્યુ છે કે,

'' क्षणमपि सज्जनसंगतिरेका,
भवंती भवार्णवत्तरणे नौका।''

ક્ષણ માત્રનો સજ્જનોનો કે સંતોનો સંગ ભવરૂપી સમુદ્ર તરવા માટે નૌકા સમાન છે.

માનવ જીવન મળ્યું, ધર્મી કુટુંબ મળ્યું કે જૈન ધર્મ મળી ગયો એટલે મોક્ષ મળી જશે એમ માની લેવાય નહીં. પ્રત્યેક માનવ પોતાના સ્વતંત્ર જ્ઞાનાવરણીયાદિ કર્મો લઈને આવે છે. જન્માંતરોથી શુભ અને અશુભ સંસ્કારોને સાથે લઈને આવે છે. તેમાંથી કુસંસ્કારો તો આપોઆપ જાગૃત થઈ જાય છે પણ સુસંસ્કારને જાગૃત કરવા સત્સંગ કરવો જ પડશે, તો જ અજ્ઞાન દૂર થશે, જ્ઞાનનો પ્રકાશ પથરાશે, સમજણ દશા ખીલશે.

આમ સાચા હૃદયથી સત્સંગની અને તેને ફળરૂપ બનાવવા સત્પુરુષની માંગણી પ્રાર્થનારૂપે કર્યા કરવી પડે તે માટે તીવ્ર ઈચ્છા, જેને તલપ કહીએ તે અંતરના ઉંડાણથી થાય ત્યારે તે ભવે અથવા નજીકના ભવમાં તેનું ફળ મળે છે.

# પ્રહલાદના સંસ્કાર

ભાગવતનો પ્રસંગ છે. પ્રહલાદનું મન નાની અવસ્થાથી જ ઈશ્વરમાં લાગેલું જોઈને એના સમવયસ્ક વિદ્યાર્થીઓને વિસ્મય થયું. કોઈને નહીં ને પ્રહલાદને જ પરમાત્મા પ્રત્યેનો આટલો પ્રેમ શાથી થયો ? આટલી નાની વયમાં આવું જ્ઞાન ક્યાંથી ને કેવી રીતે આવ્યું ? સંશયનું નિવારણ કરવા એ બધાં પ્રહલાદ પાસે ગયા. પ્રહલાદે કહ્યું, ‘ભાઈઓ, મારામાં જે પરમાત્માનો પ્રેમ છે તે સત્સંગના પરિણામરૂપે છે. સંતસમાગમ ખરેખર જ દુર્લભ છે. મને તેનો લાભ મળ્યો છે. મારામાં જે જ્ઞાન દેખાય છે તે તેનું ફળ છે.’

ત્યારે તો વિદ્યાર્થીઓને વધારે વિસ્મય થયું. તેમને થયું, ‘પ્રહલાદને વળી સત્‌સમાગમનો લાભ ક્યારે મળ્યો ? એ તો આપણી સાથે જ ફરે છે.’

વિદ્યાર્થીઓની શંકા સાંભળી પ્રહલાદે સ્પષ્ટીકરણ કર્યું, ‘ભાઈઓ, હું સાચું જ કહું છું. જુઓ, મારા જીવનમાં વીતેલા વરસોનો ઈતિહાસ તમને કહી સંભળાવું. મારા પિતા હિરણ્યકશ્યપ તપશ્ચર્યા કરવા ગયા ત્યારે દેવતાઓએ દૈત્યો પર હુમલો કર્યો. બન્ને વચ્ચે લડાઈ ફાટી નીકળી. એ વખતે ઈન્દ્ર વિજયી બની મારી માતાનું હરણ કરી ચાલી નીકળ્યો. મારી માતા તે વખતે ગર્ભવતી હતી.’

રસ્તામાં એને નારદ મળ્યા. નારદે કહ્યું, ‘ઈન્દ્ર ! જરા વિચાર તો કર કે તું કેવું અધમ કામ કરી રહ્યો છે ?’

ઈન્દ્રે કહ્યું, ‘આ સ્ત્રીના પેટમાં ગર્ભ છે, માટે હું તેનું હરણ કરી જાઉં છું !’

ત્યારે નારદજી બોલ્યા, ‘એ ગર્ભ કોઈ સાધારણ જીવનો નથી પરંતુ ભગવાનના મહાન ભક્તનો છે. માટે તારે તેનાથી ભયભીત થવાની જરૂર નથી. તું ધારશે તો પણ તેનો નાશ નહીં થઈ શકે. કેમકે ભગવાનના ભક્તો અમર હોય છે ને સ્વયં ભગવાન એમની રક્ષા કરતા હોય છે. માટે આ સ્ત્રીને તું છોડી દે. હું એને મારા આશ્રમમાં લઈ જઈશ ને રાખીશ !’

એ પછી ઈન્દ્રે દેવર્ષિ નારદના વચનને માન આપીને મારી માતાને છોડી દીધી.



દેવર્ષિ નારદના આશ્રમમાં મને જે વાતાવરણ મળ્યું તે સાત્વિક હતું. કેટલું સુંદર ને શાંત, હૃદયદ્રાવક વાતાવરણ! ત્યાં નિયમિત શાસ્ત્રાધ્યયન થતું, કથાવાર્તા તથા સકીર્તન થતું અને જે લોકોત્તર ભક્તપુરુષો કે સંતો આવતા તેમના દર્શન, સમાગમ ને પ્રવચનનો લાભ મળતો. ત્યાં જ મારો જન્મ થયો. એ હૃદયસ્પર્શી વાતાવરણમાં જ મારા બચપણની શરૂઆતનો કાળ મેં કાઢ્યો. એ એક મહાન ભાગ્ય હતું. એ વાતાવરણે મારા પર ભારે અસર કરી. મને થયું - ઈશ્વરની ભક્તિ કરવા, ઈશ્વરને મેળવવા અને બીજાને સન્માર્ગે ચઢાવવા માટે જ આ મનુષ્યજીવન મળેલું છે. આ હાથમાં આવેલા હીરાને નકામો વેડફી નાખવો ના જોઈએ. સત્સંગના પ્રભાવથી મને એ સંકલ્પ વારસામાં મળ્યો.

પછી તો મારા પિતા તપશ્ચર્યા પુરી કરી ઘેર આવ્યા, એટલે નારદજીએ અમને એમની પાસે પહોંચાડી દીધા. આ મારા બાલ્યાવસ્થાના સંસ્કાર જ અત્યારે કામ લાગ્યા છે ને બીજમાંથી અંકુરરૂપે ઉગી નીકળ્યા છે. એમણે જ મને ભક્ત કે જ્ઞાની બનાવ્યો છે. આ સાંભળી વિદ્યાર્થીઓની શંકાનું સમાધાન થયું.

ભાગવતની આ કથા કહી જાય છેકે, બાલ્યાવસ્થા એ જીવનની અત્યંત મહત્વની અવસ્થા છે. તે વખતે પડેલા સંસ્કાર જીવનમાં કાયમી અસર પહોંચાડે છે ને વજ્રલેપ જેવા બની જાય છે. એ વખતનું વાતાવરણ પોતાની અમીટ છાપ મૂકી જાય છે એ વખતની ટેવો ને વિચારસરણી તથા ભાવનાઓ જીવનમાં ઘર કરે છે. માટે વાતાવરણ તથા સંગની પસંદગી કરવામાં બહુ જ સાવધ રહેવાની જરૂર છે. બાળકોએ, બાળકોમાં રસ લેતાં કે બાળશિક્ષણમાં પડેલા બધાએ આ વાત ધ્યાનમાં રાખવાની છે. બાળકનું ભાવિ જીવન સત્વશીલ બને એ માટે સહયોગ આપવાનો છે.

બાળકોએ જ શા માટે ? વિકાસની નજરે તો ગમે તેવી મોટી ઉંમરના માણસો પણ બાળકો જ છે. એટલે એમણે પણ જીવનને જીવવા જેવું અથવા તો ઉત્તમ બનાવવા માટે વાતાવરણ ને સંગની પસંદગી પર પુરતું ધ્યાન આપવું જોઈએ. જીવનમાં જેમને કોઈ નોંધપાત્ર વિકાસ કરવો છે, ખાસ કરીને આધ્યાત્મિક વિકાસ તે તો વાતાવરણ કે સંગ પ્રત્યે દુર્લક્ષ કરે તે ન જ ચાલે.'

# आदमी की पहचान

राजा शिकार पर निकले थे। साथ में मंत्री, हवलदार और सिपाही थे। जानवर का पीछा करते - करते वे एक रास्ते से गुजरे। रास्ते के एक किनारे एक अंधा साधु बैठा भीख मांग रहा था। सिपाही आगे-आगे था। उसने अंधे साधु से पूछा, 'अबे ओ अंधे, किसी जानवर के भागने की आवाज तुमने सुनी?'

सिपाही को साधु ने जवाब दिया, 'नहीं सिपाहीजी, मैंने सुनी नहीं।'

सिपाही आगे बढ़ गया फिर हवलदार आया। उसने भी पूछा, 'अंधे तुमने किसी जानवर की भागने की आवाज सुनी?'

अंधे ने जवाब दिया, 'हवलदारजी मैंने नहीं सुनी।'

हवलदार आगे बढ़ गया। उसके बाद राजा का मंत्री आया। उसने पूछा, 'सूरदासजी, तुमने किसी के भागने की आवाज सुनी?'

अंधे ने कहा, 'नहीं मंत्रीजी हमने नहीं सुनी।'

उसके बाद स्वयं राजा आये। पूछा, 'महाराज! आपने इधर से किसी जानवर के भागने की आवाज सुनी?'

अंधे साधु ने हाथ जोड़कर कहा, 'नहीं राजाजी, मैंने नहीं सुनी।'

राजा अब आगे बढ़ गये। एक आदमी जो कुछ दूर खड़ा यह सारा माजरा देख रहा था, अंधे साधु के पास आया। पूछा, 'साधुजी आप तो अंधे हो। बिना देखे कैसे पहचान लिया कि कौन सिपाही है, कौन हवलदार है, कौन मंत्री और कौन राजा?'

अंधे साधु ने कहा, 'भाई आदमी अपनी बात से खुद अपनी पहचान बता देता हैं, जो जितना बड़ा है वह उतना ही नम्र और विनयी होता है और दूसरों का सम्मान करता है।'

# THE IMPORTANCE OF 'WATER' IN HUMAN HEALTH



By Dietician Utsavi D Chheda (Mumbai)

We love water. We play in it, spend our leisure time around it, build our most luxurious homes next to it, enjoy some of our favourite sports on it, exercise in it, and visit spas to seek out its healing powers. We cherish our fresh water lakes, streams, reservoirs, and our great oceans. The restorative powers of water are so primal that even the sound of water is healing. CD and audio cassettes of recorded rivers and ocean waves and waterfall are sold everywhere. It is easier to fall asleep or to meditate listening to water. Water is also a fantastic stress reducer. A hot bath before bedtime is the universal cure for relieving the stress that causes insomnia.

According to our creator's design, water covers nearly three – fourths of the earth's surface. Then, as we look at the makeup of the human body, we also see three fourths of it water as well. I believe the Lord is telling us something of great importance – water is extremely necessary for life on this planet. Everything living- plants, animals, birds, insects and of course humans contains a certain amount of water. Nothing can live without water and nothing can be healthy without the designed amount of water remaining in its being.

### How does the human body use drinking water?

To do its work, the cell needs to import nutrients and export waste products. Cells use drinking water as a delivery service, bringing in nutrients and taking out waste. Whether you look at red and white blood cells, muscle cells, or nerve cells, they all need water. Without water, most of your cells would get clogged with waste and starve to death for lack of nutrients.

Healthy cell, with plenty of drinking water are kept clean and nourished. Like the clean engine of a brand new automobile, fed a perfect blend of quality petrol, healthy cells can do exactly what they were designed to do; keep the human body humming along life's journey.

**So what are the benefits of drinking water?**

• **Brain**: Brain cells that have plenty of drinking water are able to circulate fresh, oxygen laden blood more readily. The brain remains fresh and alert. Even a small drop in drinking water levels can make your brain's performance level drop as much as 20 to 30 percent.

• **Muscles**: Muscle cells with a ready supply of drinking water are able to work longer without tiring. Water delivers a continuous supply of oxygen to muscles.

• **Cooling system**: your body's temperature is maintained through drinking water. The water regulates body temperature through sweat. To maintain a normal temperature on hot days or when exercising, the body sweats. Sweat cools the body, but sweat uses up water. We must have a good amount of drinking water to replenish the supply.

• **Nerves**: Nerve cells transmit messages to and from the brain. To do this, they must use electrolytes. Drinking water is an important way to maintain electrolytes at the proper level so that the nerves can do their work.

• **Stomach and intestinal tract**: Our bodies use drinking water to digest food in the gastrointestinal tract. Insufficient drinking water will slow the process, resulting in constipation and other medical concerns.

• **Eye and mouth protection**: Water keeps your eyes and mouth moist. It washes dirt and dust away from your eyes.

• **Joints**: drinking water is like oiling your body's joints. Water lubricates the joints, keeping them flexible and ensuring smooth motion.
One of the most important benefits to drinking water is the benefit realized in the kidney. Urine, which is almost entirely water, removes waste products from the body. As it does so, it leaves your body. Your body must replace that water. Get too little drinking water and toxic levels of waste build up. The body becomes ill and eventually dies.

**So how do you know if you have enough water in your system?**
Thirst should never be an indicator of when or how much to drink. Being thirsty is a sign that you're already low on water in your body. To make matters worse, somewhere down the line in dehydration ville, the thirst mechanism stops working altogether. You have no doubt heard the drinking water rules. You probably heard that you should drink between 8 to 10 glasses of water each day. But ideally the best way to tell if you're maximally hydrated is the colour of your urine. It should be as clear as the water you drink, with no colour what so ever.

**"WATER IS THE MOST NEGLECTED NUTRIENT IN YOUR DIET BUT ONE OF THE MOST VITAL"**



Reader's Forum

# Sant Gyaneshwar & The Ornaments

- Contributed by Readers

"Wisdom, power and devotion is sanctioned by God only to the worthy", said Saint Gyaneshwar. Hearing this, a lady reacted sharply, "Then where is the greatness of God? He should scatter his grace equally on everyone!" The saint kept quiet and the discussion came to an end.

The next morning, the Saint sent for a stupid person and asked him to go to the lady's home and request her to lend all her ornaments. He did the same. The lady scolded him and immediately turned him away.

After some time, Saint Gyaneshwar himself went to the lady and politely requested her to lend her ornaments for a day. Without asking a single question the lady opened her safe and happily gave all her ornaments.

Now, returning the ornaments, the Saint asked, "In the morning another person had come to you with the same request, why did you turn him away?"

"How could I give my valuable ornaments to an unreliable person?", the lady retorted. Saint Gyaneshwar smiled and said, "Dear sister, when you can't entrust your ornaments to a person without considering his worthiness, then how can God bestow His priceless divine blessings upon unworthy people?"

Our worthiness is tested repeatedly to assess our capacity to receive God's grace.

# તત્ત્વ ઉકેલ (જાન્યુઆરી- ૨૦૧૪)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ અ | | | | | ૨ ક્ષી | | ૩ ધ્યા | |
| | ૪ વિ | ર | તિ | | ૫ ગુ | ણ | સ્થા | ન | ક |
| | ર | | | | | મો | | | |
| | તિ | | ૭ વિ | | | હ | | ૬ ક | ર્મ |
| | | | ૮ યો | ગ્ય | તા | | ૯ અ | | |
| ૧૦ વી | ત | રા | ગ | | | | ૧૧ પ્ર | મ | ૧૨ ત્ત |
| ર | | | | ૧૩ ઉ | ૧૪ પ | શ | મ | | ત્વ |
| ૧૫ હ | રિ | ૧૬ ઈ | ચ્છા | | રિ | | ૧૭ ત | ૧૮ પ | |
| | | ન્દ્રિ | | ૧૯ આ | ગ્ર | હ | | દા | |
| | | યો | | | હ | | | ર્થ | |

**આડી ચાવીઓ :**

૪) જ્ઞાનનું ફળ ..... છે. (૩)

૫) ..... ચૌદ છે. (૫)

૬) આત્મ પરિણામની ચલ વિચલ પરિણતિ થવી તેને ..... કહે છે. (૨)

૮) ..... વિના ઉપદેશ પરિણામ પામતો નથી. (૩)

૧૦) જેમણે સંસારનો પરાજય કર્યો છે એવો ભગવાન સર્વજ્ઞ ..... ને નમસ્કાર. (૪)

૧૧) .....ગુણસ્થાનને છઠ્ઠુ ગુ. + કહેવાય છે. (૩)

૧૩) કષાયોનું દબાવવું તેને ..... કહે છે. (૪)

૧૫) ..... સુખદાયક જ માનું છું. (૫)

૧૭) આજ્ઞાનું આરાધન એ જ ..... છે. (૨)

૧૯) સત્પુરુષ વગર એકપણ ..... મટતો નથી. (૩)

**ઊભી ચાવીઓ :**

૧) મિથ્યાત્વ ખસે તો ..... પણાને જવું જ પડે. (૪)

૨) ..... આ બારમું ગુણસ્થાનક છે. (૪)

૩) ભગવાને ચાર પ્રકારના ..... કહ્યા છે. (૨)

૭) ..... છે તેમાં કલ્યાણનો પણ ..... છે. (૩)

૯) સાતમા ગુણસ્થાકને ..... ગુ. + કહે છે. (૪)

૧૦) ..... પણ સુખદાયક માનવો. (૩)

૧૨) ..... નવ છે. (૨)

૧૪) ..... એ પાપનું મૂળ છે. (૪)

૧૬) વસ્તુઓ ઉપર તુચ્છભાવ લાવવાથી ..... વશ થાય. (૩)

૧૮) દરેક ..... પોતપોતાના ધર્મને ત્યાગતા નથી. (૩)

# FORTHCOMING EVENTS

| | |
|---|---|
| 15 March 2014 | : Param Satsang at Kolkata |
| 16 March 2014 | : Shastra Parichay – Pujya Meghjibhai Vora<br>Gujarati Club, Matunga, Mumbai<br>8 am – 10 am |
| 21-25 March 2014 | : Beginner's Shibir – Hindi at Rajnagar, Parli |
| 26-30 March 2014 | : Progressive Shibir at Rajnagar, Parli |
| 30 March 2014 | : Param Satsang<br>Vasant Smriti Hall, Dadar(E), Mumbai<br>8 am to 10.30 am |
| 05 April 2014 | : Spiritual Sessions (PPT) on Antarang |
| | Charitra of Bhagwan Mahavir at Raipur |
| 13 April 2014 | : Mahavir Jayanti Celebrations |
| 18-20 April 2014 | : Spiritual Workshop – Satpurush Antar<br>Charitra, Rajnagar, Parli |
| 01-03 May 2014 | : Special Shibir – Committee Members |
| 04 May 2014 | : Sadhana Kram All India Exam – Padarth Vigyaan |
| 08-10 May 2014 | : Sadhana Shibir at Rajnagar, Parli |

* Venue and Timing of Param Satsang to be held will be informed accordingly.



***Om Shree Prem Acharayaji's Satsang DAILY relay on ARIHANT CHANNEL at 9 am.***

***Om Shree Prem Acharayaji's Satsang is available live on www.rajchandrakp.org***

**Published by** : **Spiritual Impressions Private Limited**
108-109, Runwal Commercial Complex, L.B.S. Marg,
Opp. Nirmal Life Style, Mulund(West), Mumbai 400080.

**Printed at** : **Jayant Printery**
352/ 54, Girgaum Road, Murlidhar Compd., Near Thakurdwar PO, Mumbai-2.

**Editor** : **Dr. Meena Goshar**

# From Us... to You

- Current subscription amount is Rs. 250/-, valid for 6 bi-monthly issues (subject to change without notice). Subscription (new or renewal)
- Amount may be deposited by cheque in any branch of HDFC Bank, for credit of 'Spiritual Impressions Pvt.Ltd.' having Current A/c. no. 01432320011590 with Crawford Market, Mumbai
- Branch and payment details, with CORECT AND COMPLETE address, contact number and email id of subscriber, emailed to info@simpl.in to get an acknowledgement.Please allow 2 weeks for processing.
- Ananya Parivartan can be a wonderful gift and we will deliver the first issue to the recipient with a nice (personalized, if you so want) messageon your behalf. Simply, deposit the subscriptions in bank and email details of all recipients to info@simpl.in and let us do the rest.
- Timely delivery is 100% dependent on CORECT AND COMPLETE address. Please carefully check address label on the envelope in which you receive an issue and email required corrections/ additions to info@simpl.in
- Please register your email with us to get intimation of each dispatch as well as a timely reminder, when renewal becomes due so that you do not miss any issue.
- All despatch/delivery/subscription related may be emailed to info@simpl.in
- Articles/contributions for publication in Ananya Parivartan may be sent to - Sanjiv Rawell - srrawellco@yahoo.co.in / Meena Goshar - mgoshar@yahoo.com


# For Subscription and Other Details Contact

| | | | |
|---|---|---|---|
| Ahmedabad | Ashitbhai Sanghavi | 08000323456 | ashitsanghavi@live.com |
| Anand | Amitbhai Shah | 09824081071 | pinami@yahoo.com |
| Bengaluru | Kiranben Sanghrajka | 09448906066 | kiranjs@yahoo.com |
| Chennai | Chandabai Joshi | 04432974779 | daksha_cal@yahoo.com |
| Delhi | Keatanbhai Shah | 09958916680 | ketan.shah@gmail.com |
| Dhule | Dhirajlal P. Shah | 09423324822 | dpshah37@hotmail.com |
| Gadag | Viorendrabhai Lodaya | 09448165256 | pushpacotton@gmail.com |
| Hubli | Aanilji Ostwal | 09448453747 | anilostwal@yahoo.com |
| Hyderabad | Virchandji Lalwani | 04066782005 | sandeep78_v@yahoo.com |
| Jabalpur | Harishbhai Khokhani | 09300108771 | gaurav.khokhani@gmail.com |
| Jamshedpur | Dilipbhai Gandhi | 09334048224 | bhavingandhi85@hotmail.com |
| Kolkata | Monojbhai Desai | 09831270630 | manojdesai02111962@hgmail.com |
| Mumbai | SIMPL Office | 02225900121 | info@simpl.in |
| Pune | Rameshbhai Oswal | 09371006817 | pharma.shree@rediffmail.com |
| Rajkot | Yogeshbhai Desai | 09824429750 | yogen72@gnail.com |
| Vadodara | Priyaben Vashi | 09376238819 | priyavashi24@yahoo.com |

# ઉત્તમ દાન – 'જ્ઞાનદાન'

## પૂણ્યની કમાણી અને ઉત્તમ દાન -'જ્ઞાનદાન'નો લાભ અવશ્ય લેવા જેવો છે

કહેવાય છે કે જ્ઞાનદાન એ ઉત્તમ દાન છે. વર્ષગાંઠ, લગ્નદિન, પુણ્યતિથિ વિગેરે પ્રસંગો જ્ઞાનદાન માત્રથી સાચી રીતે યાદગાર બની રહે છે. જ્ઞાનદાનના હેતુએ 'અનન્ય પરિવર્તન'ના એક અંકની **sponsorship** ₹ ૪૧,૦૦૦/- તથા વાર્ષિક (૬ અંકની) ₹ ૨,૨૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. એક અથવા વધુ અંકના **sponsor** નો સંદેશ, **photo** સાથે **sponsored** અંકમાં આપવામાં આવશે. કોઈપણ અંકના પ્રકાશન પેટે આથી ઓછી રકમના મળેલ જ્ઞાનદાનની સ્વીકૃતિ તે અંકમાં જણાવવામાં આવશે. આ સિવાય **advertisement** દ્વારા પણ જ્ઞાનદાનનો લાભ ઉપલબ્ધ છે. તેના દરો નીચે મુજબ રહેશે.




### જ્ઞાનદાન નો ઉત્તમ લાભ લેનાર દાતા

આ અંક માટે નિલમબેન મનસૂર ભામાણી તરફથી રૂ. ૫૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓના આ જ્ઞાનદાનની અનુમોદના કરે છે.

| Sponsorship ના Rates આ પ્રમાણે છે | |
|---|---|
| Back Cover | ₹ 11,000/- |
| Inside Front Cover | ₹ 7,500/- |
| Inside Back Cover | ₹ 6,000/- |
| Colour Page | ₹ 5,000/- |

| Sponsorship Contact | | |
|---|---|---|
| સંજીવ રાવલ - 09820186548 | ડૉ. મીના ગોશર - 09819317038 | પ્રતિભા છેડા - 09324715450 |

# પૂ. શ્રી ગાંગજીભાઈ મોતાની રાજનગર પર્લીની મુલાકાત
# અને સ્કૂલ સ્પોર્ટસ ડે















*With Best Compliments*

*Gyan Daan of Rs. 22000/- for Ananya Parivartan March 2014 received from Inderchandbhai and Padmaben Soundariya - Bangalore*

# રાજનગર મેડીકલ ક્લિનીકનું ઉદ્‌ઘાટન









